
વર્ષ : ૬૫ ■ અંક : ૯ ■ તા.૧-૫-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક





## જનશક્તિની જળ આરાધના

# જળસંચય અભિયાન

# સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...



વર્ષ : ૬૪ ■ અંક : ૨ ■ તા.૧૬-૧-૨૦૨૪

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

## નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના
- અધિકૃત માહિતી
- સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
- લોકકલ્યાણની વાત
- રાજ્ય સરકારના નિર્ણયો
- લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
- સફળ લોકોની વાતો આ ઉપરાંત
- અતિથિની કલમે
- વિદ્વાનોના વિચારો
- વાચકોની વાત
- વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય
- પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

**વાર્ષિક લવાજમ માત્ર ₹50/-**

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 9 ■ Date : 1 - 5 - 2025

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : અરૂણા ડાવરા, વિવેક ગોહેલ, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : પી. જી. ચંડીસરા, દામિની ચૌહાણ, જયદીપસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ઈ-મેલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- પંચાયતી રાજ વ્યવસ્થાના અસરકારક અમલથી વિકાસનો સુવર્ણકાળ બનાવીએ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન-ગુડ ગવર્નન્સની સાચી દિશા અપનાવી અને સૌને એ માટે પ્રેરિત કર્યા છે.
- વડાપ્રધાનશ્રીની દૂરંદેશિતા અને વિઝનરી નેતૃત્વથી ગુજરાત અને ગુજરાતીઓનું ગૌરવ વધ્યું છે.
- છેક છેવાડાનાં ગામો સુધી સર્વાંગી વિકાસની યાત્રા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિસ્તરી છે.
- સ્વાગત કાર્યક્રમ નાગરિકોની રોજિંદી ફરિયાદોનો ઝડપી, કાર્યક્ષમ અને સમયબદ્ધ રીતે ઉકેલ લાવવાનું ઉત્તમ માધ્યમ બન્યો છે.
- વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાત માટે આપણે સૌએ સહભાગી થવું પડશે.
- ગુજરાત સરકારની મહિલા ઉત્થાનની નીતિઓના પરિણામે આજે ગુજરાતની અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની છે.
- નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી અનેકવિધ યોજનાઓના માધ્યમથી રાજ્યની દીકરીઓ તેમના જીવનમાં અનેક નવા આયામો સર કરવા સક્ષમ બની છે.
- શિક્ષણ, આરોગ્ય, આવાસ, કનેક્ટિવિટી, પાણી પુરવઠા જેવાં પાયાનાં ક્ષેત્રોની શ્રેષ્ઠ સુવિધા નાનામાં નાના માનવી સુધી પહોંચાડવાનો અભિગમ સરકારે અપનાવ્યો છે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**






6 સંવાદ
7 શ્રદ્ધાંજલિ
8 પ્રતિભાવ
9 સ્વાગત



10 દિન વિશેષ



22 વિકાસયાત્રા
12 ઉજવણી



16 કવર સ્ટોરી









28 સમાચારવિશેષ
29 ગૌરવ
31 પૉલિસી
32 અભિયાન



34 સાફલ્યગાથા
37 પ્રાકૃતિક કૃષિ
38 સંક્ષિપ્ત સમાચાર
40 નિર્ણય




46 સાયબર સુરક્ષા
47 પ્રેરણા
45 અવનવું
48 ક્વિઝ કોર્નર
49 જાણકારી
50 મોજે મોજ

# ઉજ્જવળ ભાવિની દિશામાં ગુજરાતના મક્કમ ડગ

ભારત સંસ્કાર, સંવેદના, વૈશ્વિક બંધુત્વ સહિતના ગુણોથી ભવ્ય છે. એની ભવ્યતા, દિવ્યતા પર વજ્રાઘાત થયો. પ્રકૃતિની બેનમૂન ખૂબસૂરતી એવા કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ગુજરાતી પ્રવાસીઓ સહિત અનેક ટૂરિસ્ટની ઘાતકી હત્યા કરવામાં આવતા સમગ્ર દેશ આઘાતમાં સરી પડ્યો. આજે સમગ્ર ભારત આતંકમાંથી ઊગરી જવા સાથે મૃતકોને ઉચિત ન્યાય મળે તે માટે કેન્દ્ર સરકાર પ્રયાસો કરી રહી છે.

સહિયારા પ્રયાસથી શું થઈ શકે, જળ અભિયાન તેનું જવલંત ઉદાહરણ છે. રાજ્ય સરકારે જનસહયોગથી આદેરલા જળસંચય અભિયાનને પરિણામે નાગરિકોની પાણીની ચિંતા ટળી ગઈ છે. આ સામૂહિક યજ્ઞના ફળસ્વરૂપે જળાશયોની સંગ્રહશક્તિમાં કુલ 32,956 લાખ ઘનફૂટનો વધારો થયો છે. જળ સંગ્રહશક્તિમાં વધારો અને રોજગારીના સર્જનના આ યશસ્વી આયોજનને પરિણામે નીતિ આયોગના કમ્પોઝિટ વૉટર મૅનેજમૅન્ટ ઇન્ડેક્સમાં ગુજરાતે પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે.

ગુજરાતના ભાવિને ઉજ્જ્વળ બનાવવા રાજ્ય સરકારે પોષણ અભિયાન શરૂ કર્યું છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે બાળકો, કિશોરીઓ તથા મહિલાઓને પોષણક્ષમ આહાર આપવા પોષણ પખવાડિયામાં રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ. વિકસિત ગુજરાત@2047ના વિઝનથી વિકસિત ભારત@2047 માટે રાજ્યને અગ્રેસર રાખવાની નેમ સાથે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે 1202.75 કરોડ રૂપિયાનાં વિકાસ કામોની મંજૂરી આપવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ



કાર્યક્રમ યોજાયો. ગુજરાતની ગ્રામપંચાયતોએ સમગ્ર દેશમાં પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ (PAI)માં ટોચ ઉપર રહીને રાજ્યને ગૌરવ અપાવ્યું છે, જેની પાછળનું કારણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સમક્ષ બનાવવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. તાજેતરમાં જ આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને અપાતા અનુદાનમાં માતબર વધારો કરાયો છે. હવે, ખેતી વિષયક વીજ જોડાણ માટે સહમાલિકના સંમતિપત્રકની જરૂર નહીં રહે, જે સરકારની નિર્ણાયકતાનો વધુ એક પુરાવો છે.

ગુજરાત ઉદ્યોગસાહસિકો માટે લૉંચપેડ છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં દેશનું હબ બન્યા બાદ હવે સ્પેસ ટૅકનોલૉજી ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે સ્પેસટેક પૉલિસી 2025-2030 જાહેર કરી. આ સાથે નાગરિકોને રાજ્ય સરકારનાં કાર્યોની અપડેટ મળતી રહે તે માટે માહિતી ખાતાની યુઝર ફ્રેન્ડલી વેબસાઇટનું લૉન્ચિંગ કરવામાં આવ્યું.

આ અંક પ્રકાશિત થશે ત્યારે ગુજરાતે તેનો ૬૫મો સ્થાપના દિવસ નવા સંકલ્પો સાથે ઊજવ્યો હશે ત્યારે વર્તમાન અંકમાં સાફલ્યગાથાઓ અને ગૌરવ, મોજેમોજ, જાણકારી જેવી જ્ઞાનવર્ધક માહિતીનો રસથાળ પણ વાચકોને પ્રિય થઈ પડશે તેવો મને વિશ્વાસ છે.

**કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

# મન કી બાત એપ્રિલ - ૨૦૨૫



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### આતંકવાદ વિરુદ્ધ લડાઇ

22 એપ્રિલે પહલગામમાં થયેલા ત્રાસવાદી આક્રમણે દેશના દરેક નાગરિકને દુ:ખ પહોંચાડ્યું છે. પીડિત પરિવારો પ્રત્યે દરેક ભારતીયના મનમાં ઊંડી સંવેદના છે. આતંકવાદ વિરુદ્ધ આ યુદ્ધમાં દેશની એકતા, 140 કરોડ ભારતીયોનો સંપ, આપણી સૌથી મોટી શક્તિ છે. આ એકતા જ આતંકવાદ વિરુદ્ધ આપણી નિર્ણાયક લડાઈનો આધાર છે. આપણે દેશ સામે આવેલા આ પડકારનો સામનો કરવા માટે આપણા સંકલ્પને મજબૂત કરવાનો છે. આપણે એક રાષ્ટ્રના રૂપમાં દૃઢ ઇચ્છાશક્તિનું પ્રદર્શન કરવું છે.

### અંતરિક્ષ સ્ટાર્ટ અપ

હમણાં કેટલાક સમય પહેલાં મેં ગુજરાત સાયન્સ સિટીમાં પણ સાયન્સ ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગેલેરીઝમાંથી એ ઝલક મળે છે કે આધુનિક વિજ્ઞાનની ક્ષમતા શું છે, વિજ્ઞાન આપણા માટે કેટલું બધું કરી શકે છે. મને જાણકારી મળી છે કે આ ગેલેરીઝ અંગે ત્યાં બાળકોમાં ખૂબ જ ઉત્સાહ છે. વિજ્ઞાન અને ઇન્નૉવેશન પ્રત્યે આ વધતું આકર્ષણ, જરૂર ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે.

હવે ભારતે પોતાના અંતરિક્ષ ક્ષેત્રને ખાનગી ક્ષેત્ર માટે ખોલી નાખ્યું છે. આજે ઘણા બધા યુવાનો અંતરિક્ષ સ્ટાર્ટ અપમાં નવા ઝંડા લહેરાવી રહ્યા છે. 10 વર્ષ પહેલાં આ ક્ષેત્રમાં માત્ર એક જ કંપની હતી, પરંતુ આજે દેશમાં, સવા ત્રણસો થી વધુ સ્પેસ સ્ટાર્ટ અપ કામ કરી રહ્યાં છે. આવનારો સમય અંતરિક્ષમાં ઘણી બધી નવી સંભાવનાઓ લઈને આવી રહ્યો છે. ભારત નવી ઊંચાઈઓને સ્પર્શવાનું છે. દેશ ગગનયાન, સ્પેડેક્સ અને ચંદ્રયાન-4 જેવા અનેક મહત્ત્વપૂર્ણ મિશનની તૈયારીઓમાં લાગેલો છે. આપણે વિનસ ઑર્બિટર મિશન અને માર્સ લેન્ડર મિશન પર પણ કામ કરી રહ્યા છીએ.

### 'એક પેડ માં કે નામ'.

ગુજરાતના અમદાવાદ શહેરમાં ગત કેટલાંક વર્ષોમાં 70 લાખથી વધુ વૃક્ષો લગાવાયાં છે. આ વૃક્ષોએ અમદાવાદમાં હરિયાળો વિસ્તાર ઘણો વધારી દીધો છે. તેની સાથોસાથ સાબરમતી નદી પર રિવર ફ્રન્ટ બનવાથી અને કાંકરિયા તળાવ જેવાં કેટલાંક તળાવનાં પુનર્નિર્માણથી ત્યાં જળાશયોની સંખ્યા પણ વધી ગઈ છે. મારો આપ સહુને ફરી અનુરોધ છે કે ધરતીનું સ્વાસ્થ્ય સારું રાખવા માટે, આબોહવા પરિવર્તનના પડકારોનો હલ લાવવા માટે, અને પોતાનાં બાળકોનું ભવિષ્ય સુરક્ષિત રાખવા માટે, વૃક્ષ જરૂર લગાવો- 'એક પેડ માં કે નામ'.

### સેવાની સુવાસ

કેટલાક જ દિવસ પહેલાં, ભારતે અફઘાનિસ્તાનના લોકો માટે મોટી સંખ્યામાં રસીઓ મોકલી છે. આ રસી રેબિઝ, ટિટેનસ, હિપેટાઇટિસ બી અને ઇન્ફ્લુએન્ઝા જેવી ભયાવહ બીમારીઓથી બચાવમાં કામ આવશે. ભારતે આ જ સપ્તાહમાં નેપાળના અનુરોધ પર ત્યાં દવાઓ અને રસીઓ મોકલી છે. તેનાથી થેલેસેમિયા અને સિકલ સેલ રોગના દર્દીઓ માટે વધુ સારો ઉપચાર સુનિશ્ચિત થશે. જ્યારે પણ માનવતાની સેવાની વાત આવે છે તો ભારત સદા તેમાં આગળ રહે છે અને ભવિષ્યમાં પણ આવી દરેક જરૂરિયાતમાં સદા આગળ જ રહેશે.

### 'સચેત ઍપ

કોઈ પણ પ્રાકૃતિક આપત્તિને પહોંચી વળવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે – આપણી ઍલર્ટનેસ, આપણું સચેત રહેવું. આ ઍલર્ટનેસમાં હવે આપણને આપણા મોબાઇલની એક સ્પેશિયલ ઍપથી મદદ મળી શકે છે. આ ઍપ આપણને કોઈ પ્રાકૃતિક આપત્તિમાં ફસવાથી બચાવી શકે છે અને તેનું નામ પણ છે 'સચેત'. 'સચેત ઍપ' ભારતના રાષ્ટ્રીય આપદા પ્રબંધન પ્રાધિકરણ (એનડીએમએ)એ તૈયાર કરી છે. પૂર, ચક્રવાત, ભૂસ્ખલન, સુનામી, દાવાનળ, હિમસ્ખલન, વાવાઝોડું, તોફાન કે પછી વીજપ્રપાત જેવી આપત્તિઓ હોય, 'સચેત ઍપ' તમને દરેક રીતે માહિતગાર અને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરે છે.



# સમગ્ર દેશ અને ગુજરાત પહેલગામ હુમલાના પીડિતો સાથે

'આતંકનો સફાયો કરવાનો સમય હવે આવી ગયો છે. 140 કરોડ ભારતીયોની ઇચ્છાશક્તિ આંતકીઓની કમર તોડીને જ રહેશે.' વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંચાયતીરાજ દિવસે બિહારના મધુબનીમાં કરેલા સંબોધનમાં આતંકીઓને આ ચેતવણી આપી હતી. દેશવાસીઓની લાગણીને જોતા વડાપ્રધાનશ્રીએ ખૂબ મોટી જવાબી કાર્યવાહીનો વૈશ્વિક સંકેત આપ્યો છે. તા.22 એપ્રિલની બપોરે કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ સ્થિત બૈસરન ખીણમાં આતંકીઓએ નિર્દોષ પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં 26થી વધુ પર્યટકોનાં કરુણ મૃત્યુ થયા. કમનસીબે મૃતકોમાં ત્રણ ગુજરાતી નાગરિકોએ પણ જીવ ગુમાવ્યો છે. આતંકી હુમલાના સમાચાર મળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ અનુસાર સ્ટેટ ઈમર્જન્સી ઑપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા મૃતકોને વતન ગુજરાત પરત લાવવા તથા ઈજાગ્રસ્તોની સઘન સારવાર સુનિશ્ચિત કરવા તેમજ અન્ય પ્રવાસીઓની સલામત ગુજરાત વાપસી માટેની ગતિવિધિ તેજ કરાઈ હતી.

### મુખ્યમંત્રીશ્રીએ ભાવનગર પહોંચી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી

ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શોક સંતપ્ત પરિવારજનોને ઘરે જઈ સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ફ્લાઇટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા. મુખ્યમંત્રીશ્રીની સાથે કેન્દ્રિય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, જળ સપંત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા અન્ય સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટિલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સુરતના વરાછા વિસ્તારમાં પહોંચી આતંકવાદીઓના હુમલામાં મૃત્યુ પામેલા સ્વ. શૈલેષભાઈ કળથિયાની અંતિમયાત્રામાં સહભાગી થયા હતા. તેમણે મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. અમદાવાદ ઍરપોર્ટ પર આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ તથા શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### ભારતે ઉઠાવેલા કડક પગલાં

*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બાદ ભારતે કેટલાક આકરા નિર્ણયો જાહેર કર્યા છે.*

- *ભારત અને પાકિસ્તાન વચ્ચેની અટારી બોર્ડર ચેકપોસ્ટ બંધ કરવી.*
- *પાકિસ્તાનમાં ભારતીય દૂતાવાસ બંધ કરવું.*
- *સિંધુ જળસંધિ પણ અટકાવવી.*
- *ભારતમાં હાજર તમામ પાકિસ્તાની રાજદ્વારીઓને 48 કલાકમાં દેશ છોડવા આદેશ.*
- *પાકિસ્તાનીઓને ભારતીય વિઝા ન આપવા.*

# ઉઠાવો કલમ પ્રતિભાવ

મુદ્રિત માધ્યમો માટે વાચક સર્વોપરી છે. વાચકોના વિચારો જાણવા માટે ગુજરાત પાક્ષિકમાં ઉઠાવો કલમની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જેને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. **ગુજરાત ગૌરવ દિવસ** આ વિષય પર વાચક મિત્રોએ પોતાના વિચારો ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં રજૂ કરવાના રહેશે.

હિટવેવમાં ગરમીથી બચવા નીચેના મુદ્દાઓ અનુસરો,આ ઉપાયો અપનાવી હિટવેવથી સુરક્ષિત રહી શકાય.

1. **પૂરતું પાણી પીવો :** શરીરમાં ડિહાઇડ્રેશન ટાળવા દિવસમાં 8-10 ગ્લાસ પાણી પીવો. નાળિયેર પાણી, લીંબુ શરબત અથવા ઓઆરએસ જેવા પીણાં લો.
2. **યોગ્ય કપડાં પહેરો :** હળવા, સુતરાઉ અને ઢીલા કપડાં પસંદ કરો. તડકામાં નીકળતી વખતે છત્રી, ટોપી કે સ્કાર્ફનો ઉપયોગ કરો.
3. **બહાર નીકળવાનું ટાળો :** બપોરે 12 થી 3 વાગ્યા દરમિયાન ઘરની બહાર ન નીકળો, કારણ કે ગરમી આ સમયે તીવ્ર હોય છે.
4. **ઘરમાં ઠંડક જાળવો :** પંખા, એર કંડિશનર અથવા કૂલરનો ઉપયોગ કરો. બારીઓ પર પડદા રાખી ઘરને ઠંડું રાખો.
5. **ખોરાકનું ધ્યાન રાખો :** હળવો ખોરાક જેમ કે ફળો, શાકભાજી અને દહીં ખાઓ. તળેલો અને ભારે ખોરાક ટાળો.
6. **ખાસ કાળજી :** બાળકો અને વૃદ્ધો પર વિશેષ ધ્યાન આપો, કારણ કે તેઓ હીટ સ્ટ્રોકનો શિકાર બની શકે છે.

**વીરાભાઈ ચૌધરી** (ગામ: અજાવાડા, જિલ્લો- બનાસકાંઠા)

હિટવેવ એ અસાધારણ ઊંચા તાપમાનનો સમયગાળો છે, સામાન્ય રીતે તે માર્ચથી જૂન દરમિયાન સર્જાય છે. હિટવેવને “Silent disaster” પણ કહે છે કારણ કે તે ધીરે ધીરે વિકસે છે અને ક્યારેક જીવલેણ પણ બની શકે છે. હાલ ગુજરાત જાણે અગનભઠ્ઠી બન્યું હોય તેમ આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે. આવી અંગ દઝાડતી કાળઝાળ ગરમી વચ્ચે હિટવેવથી બચવા માટે દરેક વ્યક્તિએ સતર્ક રહેવું જરૂરી છે.

**હિટવેવથી બચવા માટે આટલું ખાસ કરવું જોઇએ**

✷ કામ સિવાય બહાર તડકામાં જવાનું ટાળો. જો બહાર જવાનું થાય તો માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો.

✷ દિવસ દરમિયાન ખૂબ પાણી પીઓ.

✷ શરીરમાં પાણીનું પ્રમાણ ઘટાડતા ચા-કોફી, સોફ્ટ ડ્રીંક્સ જેવા પીણા કે ભારે આહાર લેવાનું ટાળો.

✷ શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS, ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી વગેરેનો ઉપયોગ કરો.

✷ આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ તથા ચામડીના રક્ષણ માટે સન સ્ક્રીન ક્રીમનો ઉપયોગ કરો.

✷ સગર્ભા સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓનું ખાસ ધ્યાન રાખો.

✷ જો ચક્કર આવે, ઉલટી થાય તો તરત જ તબીબી સલાહ લો.

**દિગ્ના પટેલ** (ગાંધીનગર)

આજે વિશ્વ જ્યારે "global warming" ની વધતી સમસ્યાનો સામનો કરી રહ્યું છે ત્યારે હિટવેવથી બચવાના ઉપાયો જાણવા ખૂબ જરૂરી છે. હિટવેવથી બચવા શું કરવું જોઇએ આવો જાણીએ.

1. તરસ ન લાગે છતાં વારંવાર પાણી પીવું જોઇએ.
2. પશુ પક્ષીઓ પ્રત્યે આપણી ફરજ નિભાવવા અગાસી પર પાણી ભરેલા કુંડા મુકવા જોઈએ જેથી તેમને પણ હિટવેવથી બચાવી શકાય.
3. હિટવેવની સમસ્યાનો હલ કરવા વૃક્ષા રોપણ કરી પ્રાકૃતિક કુલિંગ પેદા કરી શકાય.

ઉપરોક્ત બાબતોનો અમલ કરવાથી હિટવેવથી બચી શકાય પરંતુ આ સમસ્યાને જડથી મટાડવા પ્રાકૃતિક સંસાધનોનું સંરક્ષણ અને સંવર્ધન કરવું એ આજના સમયની તાતી જરૂરિયાત છે; જેને અનદેખી ન કરી શકાય.

**કૃષિ વઘાસિયા** (ગામ: કતારગામ, જિલ્લો : સુરત)




# પારદર્શી અને પ્રજાલક્ષી શાસન દાયિત્વની પારાશીશી 'સ્વાગત'નાં 22 વર્ષ

છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચે અને તેમની માંગણી શાસકો સુધી પહોંચે તે તંદુરસ્ત વ્યવસ્થાની નિશાની છે. જન-જનની ફરિયાદોના નિકાલ માટે સરકારને નાગરિકોને દ્વારે લઈ જતી પહેલ સ્વાગતને 22 વર્ષ પૂર્ણ થયાં છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2003માં શરૂ કરાવેલા જન ફરિયાદ નિવારણના ટૅક્નોલૉજીયુક્ત અભિગમ "સ્વાગત" કાર્યક્રમની સફળતાને બે દાયકા પર બે વર્ષ પૂરાં થવા તે બમણી સફળતા સૂચવે છે. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુશાસન-ગુડ ગવર્નન્સની સાચી દિશા અપનાવી અને સૌને એ માટે પ્રેરિત કર્યા છે. તેમણે શરૂ કરાવેલો આ સ્વાગત પ્રકલ્પ લોકોના જીવનમાં પરિવર્તનકારી અસર લાવીને પેપરલેસ, પારદર્શક અને મુશ્કેલીમુક્ત રીતે સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું અસરકારક માધ્યમ બન્યો છે

શ્રી નરેન્દ્રભાઈ દ્વારા હાથ ધરાયેલા સામાન્ય માનવી, ગરીબ વંચિત, ગ્રામીણ નાગરિકની રજૂઆતો, ફરિયાદોના નિવારણના સુગ્રથિત આયોજન માટેના સફળ પ્રયાસોના પરિણામે "સ્વાગત"ની રાજ્યને ભેટ મળી છે. દેશમાં જ્યારે ઓનલાઈન ફરિયાદ નિવારણ માટે ટેકનોલૉજીના ઉપયોગની વાતો થતી હતી, ત્યારે તેમણે વર્ષ 2003માં સ્વાગત જનફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ કરાવ્યો હતો. ટેકનોલૉજીના અસરકારક ઉપયોગથી નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સાધવાના મુખ્ય હેતુ સાથે સ્વાગત કાર્યક્રમ શરૂ થયો હતો. આ કાર્યક્રમ નાગરિકોની રોજિંદી ફરિયાદોનો ઝડપી, કાર્યક્ષમ અને સમયબદ્ધ રીતે ઉકેલ લાવવાનું ઉત્તમ માધ્યમ બન્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ એપ્રિલ-2025ના ચોથા ગુરુવારે યોજાયેલા રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત અરજદારોની રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળી હતી. રાજ્યભરમાં યોજાતા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકો પોતાના વ્યક્તિગત પ્રશ્નોની સાથે જાહેરહિતના પ્રશ્નોને વાચા આપી રહ્યા છે એજ સુશાસનની ખરી દિશા છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સ્વાગતમાં શિક્ષણ, ખેડૂતોના પ્રશ્નો અન્વયે સોલાર પેનલ તેમજ પ્રાકૃતિક ખેતી અંગે ઉદ્યોગ સાહસિકતા સંસ્થા દ્વારા મૅનેજમૅન્ટ તાલીમ, જમીન રેકર્ડ વિસંગતતા તથા જમીન સંપાદન વળતર વગેરે જેવી અરજદારોની રજૂઆતોને રૂબરૂ સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત તંત્રવાહકોને પ્રશ્નોના નિવારણ માટે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા દિશા-નિર્દેશો આપ્યા હતા.

સ્વાગત પહેલમાં સમયાંતરે નવીન આયામો જોડાતા રહ્યા છે એમાં ગત સુશાસન દિવસ 25 ડિસેમ્બરે ઉમેરાયેલી ઓટો એસ્કલેશન સિસ્ટિમ વધુ નાગરિકલક્ષી અભિગમ સાથે કાર્યરત કરવામાં આવી છે. નાના માનવીની રજૂઆતો-સમસ્યાના ઉકેલ માટે શરૂ કરેલી ટૅકનોલૉજી આધારિત વ્યવસ્થાને વૈશ્વિક સ્તરે પણ પ્રતિષ્ઠા મળી છે. આ માટે યુનાઇટેડ નેશન્સનો પબ્લિક સર્વિસનો ઇન્ટરનેશનલ ઍવૉર્ડ, ભારત સરકારનો નેશનલ ઍવૉર્ડ સહિતના ગૌરવ સન્માન સ્વાગતને પ્રાપ્ત થયાં છે.



# રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ-૨૦૨૫
# ‘મજબૂત પંચાયતો : મજબૂત રાષ્ટ્રનો પાયો’



દર વર્ષે 24 એપ્રિલના રોજ ભારતભરમાં “રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ” (National Panchayati Raj Day) ઊજવવામાં આવે છે. કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી તેમજ વિવિધ રાજ્યોનાં મંત્રાલયો દ્વારા સ્થાનિક કક્ષાની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ 1992માં બંધારણમાં થયેલા 73મા સુધારાને પરિણામે આવેલા પરિવર્તનના આનંદમાં આ ઉજવણી કરવામાં આવે છે. પંચાયતીરાજ પ્રણાલી કેન્દ્ર સરકારનું ત્રિ-સ્તરીય વહીવટી માળખું છે. જેના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણની યોજનાઓના લાભો અને દેશના વિકાસનાં ફળો છેવાડાના માનવી સુધી પહોંચે છે. સાથોસાથ ગ્રામીણ, નગર તથા જિલ્લા સહિતના એકમોને તેમનું પોતીકું પ્રતિનિધિત્વ મળે છે. વર્ષ 2025ના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવી હતી.

બિહારના મધુબનીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણીનો મુખ્ય સમારોહ યોજાયો હતો. તેમણે પોતાના સંબોધનની શરૂઆતમાં પહેલગામ હુમલાના મૃતકોને મૌન શ્રદ્ધાંજલિ આપી હતી.

વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લા એક દાયકામાં, પંચાયતોને સશક્ત બનાવવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. ટૅકનોલૉજી દ્વારા પંચાયતોને પણ મજબૂત બનાવવામાં આવી છે. છેલ્લા એક દશકમાં 2 લાખથી વધુ ગ્રામપંચાયતો ઇન્ટરનેટથી જોડાઈ છે. ગામડાઓમાં ૫.૫ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર બનાવવામાં આવ્યાં છે. પંચાયતો ડિજિટલ થવાનો બીજો પણ એક ફાયદો છે. જીવન-મૃત્યુ પ્રમાણપત્ર, જમીનધારણ પ્રમાણપત્ર જેવા ઘણા દસ્તાવેજો સરળતાથી મેળવી શકાય છે. આઝાદીના દાયકાઓ બાદ એક તરફ દેશને નવું સંસદ ભવન મળ્યું, બીજી તરફ દેશને 30 હજાર નવા પંચાયત ભવન પણ મળ્યા. ગત દશકમાં ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળી છે. ગામડાઓમાં ગરીબો માટે ઘરો બનાવવામાં આવ્યા છે, રસ્તાઓ બનાવવામાં આવ્યા છે, ગ્રામીણ આંતરમાળખાકિય સુવિધાઓ વિકસી છે. હવે તો ગામડાઓમાં ગેસ-પાણીના કનેક્શન પહોંચ્યા છે, શૌચાલય બનાવવામાં આવ્યા છે. આવા દરેક કામ દ્વારા ગામડાઓ સુધી કરોડો રૂપિયા પહોંચ્યા છે. રોજગારની નવી તકો પણ ઊભી થઈ છે. આમ, મજબૂત ગામડાં મજબૂત રાષ્ટ્રનો પાયો છે.

### મહેસાણાના આખજમાં રાજ્યકક્ષાની ઉજવણી

મહેસાણાના આખજથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ સંદર્ભે રાજ્યવ્યાપી કાર્યક્રમ યોજાયો હતો. તેમણે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહમાં કેવી રીતે ભળી શકે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હરહંમેશ પ્રયત્નશીલ છે અને રાજ્ય સરકાર પણ ગ્રામીણ સ્તર સુધી વિકાસ પહોંચે તે માટે સતત કામ કરી રહી છે.

### પંચાયતી રાજ દિવસનું મહત્ત્વ

પંચાયત રાજ પ્રણાલી ગ્રામીણ વિસ્તારોમાં લોકોને તેમના મંતવ્યો વ્યક્ત કરવા અને વિકાસ અને સશક્તીકરણનો ભાગ બની તેમના ઉત્થાનમાં મદદ કરે છે. ગ્રામ પંચાયતની પ્રાથમિક ભૂમિકા શિક્ષણ, વાહનવ્યવહાર, આરોગ્ય સંભાળ, પાણી, કૃષિ અને સ્વચ્છતા સુવિધાઓ જેવી પાયાની સેવાઓ પૂરી પાડવાની અને ગામના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં મદદ કરવાની છે. 73મા બંધારણીય સુધારા અનુસાર, પ્રાથમિક સ્તરની સંસ્થા “ગ્રામ પંચાયત” ત્રિ-સ્તરીય પંચાયતી રાજમાં સૌથી મહત્ત્વપૂર્ણ સંસ્થા છે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાત માટે સૌએ સહભાગી થવું પડશે. આ માટે વડાપ્રધાનશ્રીએ આપેલા નવ સંકલ્પોના અમલ પર મુખ્યમંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો. પંચાયતી રાજ દિવસના કાર્યક્રમમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે "વિકાસના સંકલ્પને સાકાર કરી ગામડાંને સમૃદ્ધ અને મજબૂત બનાવવા નાગરિકોને સરકારનો સાથ આપવા જણાવ્યું હતું. પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે પંચાયતી રાજ દિવસને જનતા સશક્તીકરણનો દિવસ ગણાવ્યો હતો. જેમાં આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂપિયા 27.22 કરોડથી વધુના ખર્ચે વિવિધ જિલ્લાઓની ગ્રામ પંચાયતોમાં 172 વિકાસલક્ષી કામોનાં ઇ-લોકર્પણ તથા ઇ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. રાજ્યનાં વિવિધ સ્થળોએ પણ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



***પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હૉલમાં ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી સમારોહ અને પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ કાર્યક્રમ યોજાયો હતો.***



***મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાની કલેક્ટર કચેરીમાં આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાના પંચાયતી રાજ દિવસની ઉજવણી કરાઈ હતી.***



**પરામર્શ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી, સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ પ્રત્યેક લાભાર્થી સુધી વધુ અસરકારક રીતે પહોંચાડી રાજ્યના સર્વાંગી વિકાસની યાત્રાને વધુ તેજ ગતિથી આગળ ધપાવવા બાબતે પરામર્શ કરી વડાપ્રધાનશ્રીનું મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.






## ગુર્જર ધરતી એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃદ્ધિની "મોલાત"

# સંઘર્ષથી સામર્થ્યની યાત્રા ગુજરાત

નીરવ રાવલ

**પ્રાચીનથી અર્વાચીન બનવાની ગુજરાતે ખેડેલી સફર એટલે સંઘર્ષ થકી અવિરત મેળવેલી સફળતાની યશોગાથા. 1લી મેના રોજ સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાતે ખેડેલી આ સફરનું વિહંગાવલોકન કરીએ તો પ્રત્યેક ગુજરાતીની છાતી ગર્વથી ફૂલી જાય... આજે ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાત એક ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. ગુજરાતે માત્ર ઔદ્યોગિક – આર્થિક વિકાસ સાધ્યો છે એવું નથી, તમામ ક્ષેત્રે ગુજરાત વિકાસની નવી પરિભાષા અંકિત કરી રહ્યું છે. વિકાસ કોને કહેવાય એ ખરા અર્થમાં પ્રજાજનને પ્રતીતિ કરાવનાર જ ગુજરાત છે. આવો જાણીએ સંઘર્ષથી સામર્થ્ય સુધીની ગુજરાતની વિકાસ યાત્રા.**













## સંઘર્ષને મળી સફળતા

15 ઑગસ્ટ 1947ના રોજ ભારત અંદાજે બસો વર્ષની અંગ્રેજોની ગુલામી પછી મુક્ત થયું પણ આઝાદ ભારત પણ સમસ્યા વિહોણું ન હતું. આઝાદી પછી મહાગુજરાત આંદોલન શરૂ થયું. ગુજરાતના ભાષિક રાજ્યની રચના માટે ગુજરાતીઓએ 1956 થી 1960 સુધી એમ સતત ચાર વર્ષ સુધી સંઘર્ષ કર્યો. જનતા સંચારબંધી (કરફ્યુ), ધોળે દહાડે મશાલ સરઘસ, ખાંભી સત્યાગ્રહ વગેરે જેવા નવતર કાર્યક્રમો આપ્યા હતા.

આખરે સમગ્ર વિશ્વમાં ડંકો વગાડતા અને સેવા, સંસ્કાર, સંસ્કૃતિ અને સમૃદ્ધિ સાથે વ્યાપારમાં હંમેશાં આગળ રહેતા ગુજરાતની સ્વતંત્ર ભારતના નકશામાં આગવી ઓળખ ઊભી થઈ. એ દિવસ એટલે 1લી મે, 1960. આખરે 1 મે 1960ના દિવસે ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. જેનું ઉદ્ઘાટન લોકસેવક રવિશંકર મહારાજે કર્યું હતું.

રવિશંકર મહારાજે ગુજરાતના સર્વ પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા સહિત મંત્રીમંડળને આશીર્વાદ આપવા સાથે જે સંદેશો પાઠવ્યો એ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. રવિશંકર મહારાજે ગુજરાતનો વહીવટ પ્રજાહિતને પ્રથમ રાખવાનો હોવો જોઈએ તેવો અનુરોધ કરવા સાથે ગુજરાતની પ્રજા ખમીરવંતી છે, આ શક્તિનો યોગ્ય ઉપયોગ થાય તો ગુજરાત થોડા સમયમાં સમૃદ્ધિના શિખરે પહોંચી શકે તેવી શિખામણ આપી. તેમણે પ્રત્યેક ગુજરાતીમાં રાજ્ય પ્રત્યે આત્મભાવ જગાવવાની શીખ પણ આપી હતી. રવિશંકર મહારાજે જ જનતા વચ્ચે જઈ લોકપ્રશ્નોને જે તે સ્થળે જઈ ઉકેલવાની આહલેક જગાવવા આહ્વાન કર્યું હતું.

## અર્વાચીન ગુજરાત

રવિશંકર મહારાજની શિખામણનું પાલન વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું. ૭ ઑક્ટોબર, ૨૦૦૧, આ તારીખ શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત સહિત ભારતીય રાજકારણના ઇતિહાસની મહત્ત્વપૂર્ણ તારીખ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિવસે ગુજરાતમાં સત્તાનું સુકાન સંભાળ્યું અને શરૂ થઈ એકવસમી સદીના અર્વાચીન ગુજરાતની વિકાસગાથા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળની શરૂઆત સાથે જ સર્વપ્રથમ સુશાસનની સ્થાપના પર ભાર મૂક્યો.

સરદાર સરોવર ડેમના નિર્માણમાં અનેક વિઘ્નો આવી રહ્યાં હતાં પણ તેમણે આ મહત્ત્વાકાંક્ષી પરિયોજનાને સાકાર કરવાનો અટલ સંકલ્પ પૂર્ણ કર્યો. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન બનતાંની સાથે જ ૧૭ દિવસની અંદર આ વિષય પર જરૂરી મંજૂરી આપી હતી. આજે નર્મદાનાં પાણી, સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત સુધી પહોંચ્યાં છે અને ખેડૂતો માટે વરદાન સાબિત થયાં છે.

વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસપથ પર અગ્રેસર થઈ છે. અર્વાચીન ગુજરાત માટે ખોંખારીને કહેવું પડે કે, છેલ્લા ત્રણ દાયકાઓથી તો ખેતી, પશુપાલન ઉદ્યોગ-ધંધા વગેરે ક્ષેત્રે જે પ્રગતિ ગુજરાતે કરી છે તેને કારણે જ ગુજરાત, ભારતનું ગ્રોથ એન્જિન છે. શ્રી ભૂપેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યાં બાદ ગત ત્રણ જ વર્ષની વાત કરીએ તો વિકસિત ગુજરાતથી "વિકસિત ભારત"ના લક્ષ્યને નજર સમક્ષ રાખીને ટીમ ગુજરાત મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ નિરંતર પ્રયાસ કરી રહી છે.

## સુશાસન

સુશાસન ક્ષેત્રે પણ ટીમ ગુજરાતે 17 જેટલી જી-20 બેઠકનું સફળ આયોજન કર્યું. વાઇબ્રન્ટ સમિટના 10મા સંસ્કરણનું સફળ આયોજન કર્યું. અર્નિંગ વેલ, લિવિંગ વેલના મંત્ર સાથે વિકસિત ગુજરાતનો રોડમેપ તૈયાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બનેલા ગુજરાતે નીતિ આયોગની તર્જ પર ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશનની સ્થાપના કરી. નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચનાથી સમૃદ્ધ શહેરીકરણનાં દ્વાર ખોલવા જેવા નિર્ણયોએ ખરેખર જનતા સરકારની લોકોને અનુભૂતિ કરાવી.

એક સમયે જ્યારે બિપરજોય વાવાઝોડાએ ગુજરાતમાં આતંક મચાવ્યો ત્યારે ટીમ ગુજરાતે ઝીરો કેઝ્યુઅલ્ટી સાથે

તેનો મક્કમતાપૂર્વક આયોજનબદ્ધ રીતે સામનો કરી આપત્તિ વ્યવસ્થાપનની મિસાલ રજૂ કરી.

લક્ષ્ય કરતાં વધુ 2649 અમૃત સરોવરનું નિર્માણ કરવાની સિદ્ધી હોય કે 2.82 લાખ(2024) સોલાર પેનલ થકી ઊર્જા સુરક્ષા ગુજરાત લક્ષ્યાંકને પાર પાડી રોલમૉડેલ તરીકે પ્રસ્થાપિત થયું. Sustainable Development Goal Indexમાં આરોગ્ય-સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજી વાર દેશમાં પ્રથમ આવ્યું. સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાના ૪૧ લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર માટે "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો પ્રારંભ કરાયો. આ સાથે વડાપ્રધાનશ્રીના આહ્વાનને ઝીલી લઈ ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે રાષ્ટ્રીય પંચાયત ઍવૉર્ડ્સ 2024માં તેની શ્રેષ્ઠતા પુરવાર કરીને સમગ્ર દેશમાં સુશાસનનો સર્વશ્રેષ્ઠ દાખલો બેસાડ્યો હતો. પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-2 ગ્રામ પંચાયતે દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઍવૉર્ડ (DDUPSVP) થીમ અંતર્ગત “સુશાસન યુક્ત પંચાયત” શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

## નીતિ નિર્ધારણ

ગત વર્ષોમાં રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નીતિઓ જાહેર કરી છે. જેમાં ખરીદ નીતિ, સેમિકન્ડક્ટર પૉલિસી, નારી ગૌરવ નીતિ, ગુજરાત ટેક્સટાઇલ પૉલિસી, કુટીર અને ગ્રામદ્યોગ પૉલિસી, ન્યૂ IT/ITes પૉલિસી, ગ્રીન હાઈડ્રોજન પૉલિસી, ગુજરાત રિન્યૂએબલ એનર્જી જેવી પૉલિસીનો સમાવેશ થાય છે. એટલું જ નહીં ગુજરાત ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર પૉલિસીનું લૉંચિંગ વર્ષ 2025ના પ્રારંભે કરવામાં આવ્યું.

સ્પેસ ટૅક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સરકારે ગુજરાત સ્પેસટેક પૉલિસી 2025-2030 જાહેર કરી છે. આ અંતર્ગત IN-SPACe, ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં સ્પેસ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં સહાયતા મળશે. ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ, IT/ITeS અને GCC માટે કેન્દ્રિત નીતિઓના તાલમેલ સાથે આ સ્પેસટેક નીતિનો ઉદ્દેશ ગુજરાતને હાઇ-ટેક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો અને 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં આગળ વધવાનો છે.



## સ્વાસ્થ્ય

સુયોગ્ય આહાર શૈલી જ નિરામય આરોગ્યની કડી છે. તેથી જ રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ્ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી રૂ. ૫ લાખની સહાય વધારીને રૂ. ૧૦ લાખ કરી. જેથી રાજ્યના લોકોનું આરોગ્ય ખર્ચનું આર્થિક ભારણ ઘટાડી શકાય. તદ્ઉપરાંત ૧.૧૫ કરોડ જેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ બાદ ડિજિટલ હેલ્થકાર્ડ ઉપલબ્ધ કરાવાયાં. આવું કરનાર ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે. મેદસ્વિતા નિવારણ માટે ખુદ મુખ્યમંત્રીશ્રી આગળ આવ્યા અને મહત્તમ રોગોના મૂળ એવા મેદસ્વિતાને નિવારવા સૌને અપીલ કરી છે. ગુણવત્તાસભર આરોગ્ય સેવા માટે સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલની રચના કરાઈ. સમગ્ર રાજ્યનાં મહાનગરોમાં મિલેટ ઉત્સવ થકી આરોગ્યપ્રદ આહાર પ્રણાલી અપનાવવા ગુજરાત સરકારે અભિનવ પહેલ આદરી છે.

## કૃષિ

કૃષિ રાહત પૅકેજ અંતર્ગત 7.15 લાખ ખેડૂતોને રૂ.1372 કરોડની સહાય ચૂકવાઈ. e-NAM પ્લેટફાર્મ થકી ગુજરાતમાં રૂ.10 હજાર કરોડની કૃષિપેદાશનું વેચાણ કરાયું, જે ગુજરાત સરકારની પરિવર્તનકારી કૃષિ નીતિનું પરિણામ છે. ફેબ્રુઆરી 2025માં કિસાન સન્માન નિધિના હપતા રૂપે ગુજરાતના 51.41 લાખથી વધુ ખેડૂતોને રૂ.1148 કરોડની સહાય ચૂકવવામાં આવી. બજેટમાં અન્નદાતાના ઉત્કર્ષ માટે રૂ.22 હજાર કરોડથી વધુ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહેસૂલ ક્ષેત્રે પણ ગુજરાત સરકારે



### અન્ય સિદ્ધિઓ

- 'ઓપરેશન ગંગા' હેઠળ યુક્રેનમાં સર્જાયેલી ભયંકર યુદ્ધની પરિસ્થિતિમાંથી ૧૩૮૬ ગુજરાતી વિદ્યાર્થીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા.
- 'ઓપરેશન કાવેરી' હેઠળ સુદાનમાં ફસાયેલા ૫૬૯ બિન-નિવાસી ગુજરાતીઓને ગુજરાત પરત લાવવામા આવ્યા.
- 'ઓપરેશન અજય હેઠળ ઇઝરાયેલમાં ફસાયેલા ૩૦ બિન-નિવાસી ગુજરાતીઓને સ્વદેશ પરત લાવવામાં આવ્યા.

ખેડૂતોને લાભકારી નિર્ણયો કર્યા છે. ખેતી, ઉદ્યોગ-વ્યાપારને ઉત્તેજન મળે, મહેસૂલી પ્રક્રિયામાં સરળીકરણ હેતુ રાજ્ય સરકારે ખેતી માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો જૂની શરતની ગણવાનો નિર્ણય કર્યો છે.


### શિક્ષણ

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રૂ. ૮૭૫ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા રૂ. ૧૪૩૨ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યૂટર લેબ્સ કાર્યરત કરાઈ. 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪' અંતર્ગત ૩.૪૨ લાખથી વધુ વિદ્યાર્થીઓનો ધોરણ-૧માં અને ૪.૬૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનો બાલવાટિકામાં પ્રવેશ કરાવાયો. 'નમો લક્ષ્મી' યોજનામાં ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને રૂ. ૧૩૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ. 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત ૨.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૨૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ. ડિજિટલ ગુજરાત અંતર્ગત વર્ષ 2024-25માં સ્કોલરશિપ કાર્યક્રમ હેઠળ 68 લાખ વિદ્યાર્થીઓને રૂ.1800 કરોડની માતબર શિષ્યવૃત્તિ સીધી તેમના બેંકખાતામાં જમા થઈ. ગિફ્ટ સિટીમાં ગિફ્ટ ઇન્ટરનેશનલ ફિન્ટેક ઇનોવેશન હબનું ઉદ્દઘાટન કરાયું. વડાપ્રધાનશ્રી જેવી લીડરશીપ તૈયાર કરવા સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશિપના કેમ્પસનું ભૂમિપૂજન કરાયું.

## ગુજરાતને પ્રાપ્ત થયા ગૌરવપૂર્ણ એવૉર્ડ્સ

- પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન ગુજરાતના ટેબ્લો આનર્તપુરથી એકતાનગર સુધી, વિરાસતથી વિકાસના અદ્દભુત સંગમને પોપ્યુલર ચોઈસ ઍવૉર્ડ કેટેગરીમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક મળ્યો.
- લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ 2024ના રિપોર્ટમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું. ગુજરાત વર્ષ 2022, 2023, 2024માં વિવિધ શ્રેણીમાં સતત ટોચ પર રહ્યું.
- 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ-૨૦૨૩' અનુસાર રોજગાર વંચિત યુવાધનને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.
- રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતને હાઈએસ્ટ એચિવર સ્ટેટનો એવૉર્ડ્સ.
- ગરવી-ગુર્જરી' બની ભારત સરકારની ટ્રેડમાર્ક બ્રાન્ડ.
- વિદ્યા સમીક્ષા કેન્દ્રને જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે "પ્રધાનમંત્રી પુરસ્કાર".
- 'સ્વામિત્વ યોજના' અંતર્ગત ૧૧ લાખ ૫૦ હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર.
- ગુજરાતના ગોબરધન અને ગ્રે વોટર મૅનેજમૅન્ટ પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારને દિલ્હી ખાતે "ISC-FICCI સેનિટેશન ઍવૉર્ડ-૨૦૨૪ એનાયત કરવામાં આવ્યો.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા બહાર પાડવામાં આવેલ SDG India Indexમાં ગુજરાતે વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૦ના સ્કોર સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ મેળવ્યો.
- નેશનલ પંચાયત ઍવૉર્ડ-૨૦૨૪ માટે પંચાયત વિથ ગુડ ગવર્નન્સ માટે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની વાવકુલી-ટુ ગ્રામ પંચાયતને ઍવૉર્ડ આપવામાં આવ્યો.

# જનશક્તિની જળ આરાધના
# જળસંચય અભિયાન



**વિવેક ગોહેલ**

**તરુવર, સરોવર, સંત જન, ચોથો વરસે મેહ,**
**પરમારથ કે કારણે ચારો ધરિયાં દેહ.**

આપણા જીવન પર વૃક્ષ, જળાશય, સંત અને વરસાદનો ઉપકાર અનન્ય છે. તેમાં પણ પાણી વગર મનુષ્ય જીવનની કલ્પના કરવી અશક્ય છે. જરા વિચારો તો ખરાં કે આપણે સવારે જાગ્યા બાદ અને સૂતાં પહેલા જે-જે ક્રિયાઓ કરીએ છીએ તેમાંથી કેટલી ક્રિયાઓ પાણીના અભાવે અટકી પડે ? તમારો જવાબ હશે, મોટાભાગની. અરે, પાણીના અભાવે આપણી ક્રિયાઓ જ નહીં સમગ્ર માનવ જીવન અટકી પડે. પાણી એ જીવ-પ્રાણી માત્રની ટોચની જરૂરિયાત છે. જળ વગર જીવનની કલ્પના અધરી જ નહીં અશક્ય લાગે છે. શુદ્ધ જળનું અસ્તિત્વ આપણા જીવનનો આધાર છે. મૃત્યુ બાદ પણ નશ્વર દેહના મુખમાં મૂકાતા ગંગાજળ રૂપે પ્રભુનો પ્રસાદ છે. જળનું માનવજીવન સાથેનું આ અતૂટ જોડાણ એક જવાબદારી લઈને આવે છે. તે જવાબદારી છે જળના જતનની.

આકાશમાંથી વરસાદરૂપે વરસતા પ્રભુના આશીર્વાદ સમાન જળથી ધરતી નવપલ્લવિત રહે છે. ભારતીય અર્થવ્યવસ્થાનો આધાર કૃષિ છે અને કૃષિનો આધાર પાણી. માટે કહી શકાય કે જો ખેડૂતના ખેતરમાં જળની ધારા વહેતી રહેશે તો અર્થતંત્રમાં નાણાંની ધારા વહેતી રહેશે. સિંચાઈની જેમ પીવાલાયક પાણીની ઉપલબ્ધિ પણ એટલી જ અગત્યની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચાર અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટિલના






માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારે વરસાદી પાણીના સંચય અને જતન માટે દેશવ્યાપી જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી 'કેચ ધ રેઇન' અભિયાન શરૂ કરાવ્યું છે.

એક સમય હતો જ્યારે અપૂરતા આયોજન અને કુદરતના પ્રકોપને કારણે ગુજરાત વિકટ જળ સમસ્યા સામે ઝઝૂમતું હતું. હવે આ સમસ્યા ભૂતકાળ બની ગઈ છે. વિકાસના આદર્શ રાજ્ય ગુજરાતમાં વર્ષ 2018થી પ્રતિ વર્ષ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન નિયમિત યોજવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શન તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા, નર્મદા અને કલ્પસર સહિતના વિવિધ વિભાગોએ સાથે મળીને જમીની સ્તર પર કેટલાક અગત્યનાં કામોને અસરકારક રીતે હાથ ધર્યાં છે. જળ સંસાધન, જળ વિતરણ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ અને મહાનગરપાલિકા, નર્મદા નિગમ, શિક્ષણ વિભાગ અને પંચાયત તેમજ ગ્રામીણ વિકાસ જેવા વિભાગોના સમન્વયની સાથે સાથે મોટી સંખ્યામાં જનભાગીદારી પણ જોવા મળે છે.

આ સામૂહિક યજ્ઞના ફળ સ્વરૂપે જ આજે ગુજરાત જળવાન બન્યું છે. આ પ્રયત્નો પર એક નજર કરીએ તો, છેલ્લા બે વર્ષમાં

- 5936 નવા તળાવોનું નિર્માણ અથવા તળાવને ઊંડાં કરાયાં
- 6545 ચેકડેમોમાં ડિ-સિલ્ટિંગની કામગીરી
- 1527 ચેકડેમોનું રિપેરિંગ
- 9436 કિમી.ની કેનાલની સફાઈ જેવાં કામો પરિપૂર્ણ

કરવામાં આવ્યાં છે. આ કામગીરીના પરિણામે જળાશયોની સંગ્રહશક્તિમાં કુલ 32,956 લાખ ઘનફૂટનો વધારો થયો છે. આ સમગ્ર કામગીરીને પાર પાડવા માટે એક જ દિવસમાં 9072થી વધુ જે.સી.બી મશીન તેમજ 45019થી વધુ ટ્રેક્ટર/ડમ્પરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિક્રમજનક આંકડાને આધારે રાજ્ય સરકારનો દૃઢ નિશ્ચય અને કામગીરીના વ્યાપનો અંદાજ લગાવી શકાય તેમ છે. તદુપરાંત અભિયાન અંતર્ગત થયેલાં આ કામોને કારણે કુલ 23.51 લાખ માનવદિનની રોજગારીનું પણ સર્જન થયું છે. સુજલામ્ સુફલામ્ જળ અભિયાને ગુજરાતને જળવાન બનાવવાની સાથે ગૌરવવાન પણ બનાવ્યું. જળ સંગ્રહશક્તિમાં વધારો અને રોજગારીના સર્જનના આ યશસ્વી આયોજનને પરિણામે નીતિ આયોગના કમ્પોઝિટ વૉટર મૅનેજમૅન્ટ ઈન્ડેક્સમાં ગુજરાતે સતત પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે. આ અભિયાનની રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ સ્વરૂપે વર્ષ 2020માં પ્લેટીનમ કૅટેગરી અને 2021માં ગોલ્ડ કૅટેગરીમાં સ્કોચ ઍવૉર્ડ મળી ચૂક્યો છે.

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં જળસંગ્રહનો વ્યાપ વધારવાની ઝુંબેશ સ્વરૂપે છેલ્લાં સાત વર્ષથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કામગીરીમાં જનભાગીદારી વધારવાની તથા પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા લોકમાનસમાં જાગૃતિ ફેલાય તેવી વિચારધારા સાથે ૧લી મે ૨૦૧૮થી શરૂ થયેલા આ અભિયાનને વ્યાપક અને પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે. જેમાં પ્રતિવર્ષ વૃદ્ધિ પણ થઈ રહી છે.

## સુજલામ્ સુફલામ્ જળ અભિયાન

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હેઠળ અનેક કામો કરવામાં આવે છે. જેમાં તળાવો ઊંડાં કરવાં, જળાશય ડિસિલ્ટિંગ, ચેકડેમ રિપેરિંગ, નહેરોની સાફસફાઈ, સમારકામ અને જાળવણી, નવાં તળાવો-ચેકડેમનું નિર્માણ, વનતળાવ, ખેત તલાવડી, નદી કે વોંકળાની સફાઈ, માટીપાળાનું નિર્માણ, ચેકવોલ, નદીઓને પુનર્જીવિત કરવાની કામગીરી, પીવાના પાણીની લાઇન તથા એર વાલ્વનું નિરીક્ષણ-સમારકામ અને સફાઈ, પીવાના પાણીના સ્રોતની આસપાસ સફાઈ, ગેટ રિપેરિંગ, સ્ટ્રોમ વૉટર ડ્રેઇનની સફાઈ, બોરવેલ રિચાર્જ, ફ્લો ચેનલ, ગલી પ્લગ અને ખુલ્લા કૂવાને રિચાર્જ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, રૂફટોપ રેઇન વોટર હાર્વેસ્ટિંગ સુવિધાનું નિર્માણ વગેરે પ્રકલ્પો હાથ ધરવામાં આવે છે.

## સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના લાભો

જળસંચય અને જળસંગ્રહથી સીધો ફાયદો ગ્રામીણ નાગરિકોને થાય છે. જેમાં ખૂબ મોટો વર્ગ ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો છે. ઉનાળાની આકરી ગરમીમાં પણ પીવાના અને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધિને અભિયાનના સુખદ પરિણામ સ્વરૂપે આપણે સૌ જોઈ રહ્યા છીએ.





- જળ સંગ્રહશક્તિમાં વધારો થતા ભૂગર્ભ જળસ્તર ઊંચા આવ્યા
- ખોદકામ અને ડિસિલ્ટિંગની કામગીરીથી નીકળેલ માટી/કાંપનો ઉપયોગ ખેડૂતોના ખેતર તથા અન્ય જાહેર બાંધકામોમાં થયો
- સ્થાનિક કક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાઓ મહદંશે હલ થઈ
- સિંચાઈ વ્યવસ્થા સુદૃઢ બનવાને પરિણામે સરેરાશ ખેત ઉત્પાદનમાં વધારો થયો
- પશુધન માટે પીવાના પાણીની સુવિધા વધતા કુલ દૂધ ઉત્પાદન પર પણ સકારાત્મક અસર થઈ
- લોકજાગૃતિને કારણે પાણીનો બગાડ અટક્યો, પર્યાવરણમાં સુધારો જોવાયો

## જળસંચય અને જળવ્યવસ્થાપનના મહત્ત્વનાં કામો

સુજલામ્ સુફલામ્ જળ યોજના અંતર્ગત રાજ્યના સૌરાષ્ટ્ર, ઉત્તર- મધ્ય અને દક્ષિણ ગુજરાત એમ ઝોન પ્રમાણે આયોજન કરાયું છે. જેના પરિણામે ખેડૂતો સહિત સામાન્ય નાગરિકોને સિંચાઈ તેમજ પીવાના પાણી સહેલાઈથી મળી રહે. તદુપરાંત ચોમાસા પહેલાં જળસંચયની સુવિધા વધારવા માટે રાજ્ય સરકારે તલસ્પર્શી આયોજન હાથ ધર્યું છે.

1. **સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલ :** ૩૩૨ કિ.મી. લાંબી સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલ ,મહી નદીથી બનાસ નદી સુધીના વિસ્તારમાં આવતા સાત જિલ્લામાંથી પસાર થાય છે. આ કેનાલમાં કડાણા જળાશય અને નર્મદાનું વધારાનું પૂરનું પાણી ડાયવર્ટ કરી, પાણીની ઘટ ધરાવતા વિસ્તારમાં પહોંચાડવામાં આવે છે. આ કેનાલ ૨૧ નદીઓ, ૨ રાષ્ટ્રિયધોરી માર્ગ અને ૭ રેલવે લાઇનને ઓળંગે છે. સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલનો લાભ મળવાને પરિણામે ખેડૂતો આ કેનાલમાં ઉપલબ્ધ પાણીનો વપરાશ કરે છે. તદુપરાંત સમગ્ર રૂટ પરના વિસ્તારોમાં ભૂગર્ભ જળમાં નોંધપાત્ર વધારો થયો છે.
2. **ઉદ્વહન યોજનાઓ (નર્મદા મુખ્ય નહેરથી ઉત્તર ગુજરાત) :** ઉત્તર ગુજરાત વિસ્તારનાં નવ જળાશયોને નર્મદાના વધારાના પૂરના પાણીથી પાઇપલાઇન દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી આઠ પાઇપલાઇનનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ કામોથી ધરોઈ, દાંતીવાડા, સીપુ, વાત્રક, માજુમ અને મેશ્વો જળાશયના કમાંડ વિસ્તારના ૨૧૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ થશે.
3. **ભરતી સંબંધી રેગ્યુલેટર્સ / બંધારા (કચ્છ) :** કચ્છ પ્રદેશ માટે સુજલામ- સુફલામ યોજના હેઠળ નર્મદાના વધારાના પૂરના પાણીના ઉપયોગ માટે અને ક્ષાર પ્રવેશ અટકાવવા માટે ૫૦ બંધારા બાંધવામાં આવ્યા છે. તેના સંલગ્ન અન્ય કામો માટે પણ આયોજન કરવામાં આવ્યું છે.

## આદિજાતિ વિસ્તારમાં વિશેષ આયોજન

1. **પાનમ ઉચ્ચ લેવલ કેનાલ (આદિજાતિ) :** સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ પાનમ હાઈ લેવલ કેનાલનુ અંદાજિત રૂ.૧૩૦.૭૧ કરોડનું કામ, પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના ૧૮૦૦૦ હેક્ટર વિસ્તાર માટે પ્રગતિ હેઠળ છે. આ યોજના હેઠળ ૩.૨ કિમી લંબાઈ ટઇલિંગ, એપ્રોચ ચેનલ, હેડ રેગ્યુલેટર, લિંક નહેર અને કોતર ટેનિંગનાં કામ પૂર્ણ થઈ ચૂક્યા છે.
2. **કડાણા ઉચ્ચ લેવલ કેનાલ (આદિજાતિ) :** સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કડાણા ડાબા કાંઠા હાઈ લેવલ નહેર અંદાજિત રૂ. ૪૭.૭૯ કરોડના ખર્ચ સાથે નિર્માણ પામી છે. જેનાથી પંચમહાલ જિલ્લાના કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકામાં ૫૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ મળી રહ્યો છે. કડાણા હાઈ લેવલ નહેર તબક્કા-IIના વિતરણ નેટવર્કનાં કામો પ્રગતિ હેઠળ છે.

જળને જનજીવનની પાયાની જરૂરિયાત ગણીને રાજ્ય સરકારે જળ સંચય અને જળ વ્યવસ્થાપનનું જડબેસલાક આયોજન કર્યું છે. વરસાદી પાણીને બચાવવા અને દૈનિક જીવનમાં પાણીનો વ્યય થતો અટકાવવાની એક નાગરિક તરીકે આપણી સ્વાભાવિક ફરજ છે. હિમાદ્રી આચાર્ય દવેની આ રચના આપણે કાયમ સ્મૃતિમાં રાખવા જેવી છે.

**બચશે, બચાવશો તો; બચશો, બચાવશો તો!**
**ઉખાણું આ સમજજો, જેનો જવાબ જળ છે!**

## પેયજળ વ્યવસ્થાપન અને આયોજન અંગે સમીક્ષા બેઠક

આગોતરું આયોજન અને સુચારું વ્યવસ્થાપન એ ગુજરાતની ઓળખ છે. આ બંને પાસાંઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર નાગરિકોને પૂરી પાડવામાં આવતી પાયાની સુવિધાઓના વ્યવસ્થાપનમાં કોઈ પણ પ્રકારની કચાશ છોડવા માગતી નથી. ઉનાળાની શરૂઆતથી જ રાજ્યના નાગરિકો માટે પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તથા ઉનાળા દરમિયાન પ્રજાજનોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજનની સર્વગ્રાહી સમીક્ષા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી. તેમણે પાણી પુરવઠા વિભાગ, જળસંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો આપ્યા હતા.



મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બેઠકમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યનાં જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ આપવામાં આવ્યું હતું. જે પ્રમાણે રાજ્યમાં હાલ ૬૨ જળાશયોમાં પીવાના પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘનમીટર પાણી સંગ્રહિત થયેલું છે. મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

રાજ્યનાં કુલ ૧૮૧૫૨ ગામો/ ૨૯૨ શહેરો પૈકી ૧૫૭૨૦ ગામો/ ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જૂથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦૬૫૯ ગામો/ ૧૯૦ શહેરોને નર્મદા આધારિત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ યોજનાથી પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે તેની વિગતો પાણી પુરવઠા વિભાગે પૂરી પાડી હતી. બેઠકમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી સહિતના વરિષ્ઠ અધિકારીશ્રીઓ પણ સામેલ થયા હતા.




## સમગ્ર દેશમાં ૮.૫૫ લાખ રેઈન વોટર હાર્વેસ્ટીંગના સ્ટ્રક્ચર

ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના મોરા ગામ ખાતે 'જનભાગીદારીથી જળસંચય' અભિયાન અંતર્ગત જિલ્લામાં આવેલી વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓ અને ઉદ્યોગોના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી (CSR) અંતર્ગત ૨૭,૩૦૦ રેઈન વોટર હાર્વેસ્ટિંગના થનારા કામોનું કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના હસ્તે ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, વન, પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા દેશના ૭૦૦ જિલ્લાઓમાંથી સૌથી વધુ વોટર રિચાર્જના સ્ટ્રક્ચર બનાવનાર ૧૦ જિલ્લાઓને બે કરોડ રૂપિયાનું ઈનામ અપાશે.પાણીના ગુણધર્મ મુજબ ૧૦૦ ફૂટ બોરમાં વરસાદી પાણી ઉતારશો અને તેમાંથી જ્યારે પણ પાણી લેશો તે તેના મૂળભૂત ગુણધર્મ પ્રમાણે જ મળશે. સમગ્ર દેશમાં ૮.૫૫ લાખ રેઈન વોટર હાર્વેસ્ટીંગના સ્ટ્રક્ચર બન્યા છે.

## ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવાની યોજના બની 'આશીર્વાદ'

*જળસંચય અભિયાનને આગળ ધપાવવા રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી અનેકવિધ નવતર પગલાંઓ હાથ ધર્યાં છે. પાણીની અછતવાળા વિસ્તારોમાં ખેડૂતો માટે 'ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવાની યોજના' આશીર્વાદરૂપ બની છે. પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તલાવડી બનાવી જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો સંગ્રહ કરીને પાક બચાવવામાં તેમજ રવિ સિંચાઈમાં પાણીને ઉપયોગ કરી શકાય. ખેત તલાવડીમાં સંગ્રહિત પાણી થકી ખેડૂતોના પાકને પૂરક સિંચાઇ કરી વધુ પાક ઉત્પાદન મેળવી ભૂગર્ભજળનો વપરાશ ઘટાડી શકાશે. રાજ્ય સરકારના જળ સંપત્તિ વિભાગ દ્વારા મહત્તમ ૨,૪૬૦ ચો.મીટર જથ્થામાં જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ફેઝ - ૧માં કુલ ૨૬ ખેત તલાવડી ખેડૂતો દ્વારા બનાવવામાં આવી હતી, જેમાં રાજ્ય સરકાર દ્વારા સરકારી ખર્ચે જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવી છે. જેના થકી ખેડૂતો ચોમાસા સિવાયના સમયગાળામાં આ ખેત તલાવડીમાં સંગ્રહ થયેલા પાણીનો સિંચાઈ માટે જરૂર પડ્યે ઉપયોગ કરી વધુ પાક ઉપજ મેળવી સમૃદ્ધ થયા છે.*



## 'અરવલ્લીમાં વિકાસકાર્યોની હેલી'


# મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. 282 કરોડથી વધુના કાર્યોની ભેટ

રાજ્યનો એક એવો જિલ્લો કે જેનું નામ ગિરીમાળા પરથી પડ્યું છે, આ જિલ્લો એટલે અરવલ્લી... અરવલ્લી જિલ્લો અરવલ્લી ગિરિમાળાઓની ગોદમાં આવેલો વનસમૃધ્ધિ અને વનસંપતિ તથા પ્રાકૃતિક સૌંદર્યથી દૈદિપ્યમાન છે. પ્રાચીન સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો, મેશ્વો નદીનાં કાંઠે આવેલા શામળાજી જેવા યાત્રાધામો જિલ્લાની શોભા છે. પ્રાકૃતિક સંપદા અને સાંસ્કૃતિક સમૃદ્ધિના સંગમરૂપ આ જિલ્લાને રૂ. 282 કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અરવલ્લી પહોંચ્યા હતા. મોડાસામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના રૂ. 282 કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો સમારોહ યોજાયો હતો.

વિકાસકાર્યોની ભેટ આપતા તેમણે જણાવ્યું હતું કે, આજે ગુજરાતના છેવાડાના વિસ્તાર સુધી વિકાસ પહોંચ્યો છે. ગામેગામ પાકા રસ્તાઓ, આરોગ્ય સેવાઓ, શિક્ષણ અને રોજગારના કામો થયા છે. અરવલ્લીએ આજ સુધી વિકાસની દિશામાં પાછું વળીને જોયું નથી. રૂ. 282 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ

### અરવલ્લીને વિકાસકાર્યોની ભેટ

| વિભાગ/ નિગમ/ યોજના | કામ (લોકાર્પણ/ ખાતમુહૂર્ત) | રકમ (અંદાજિત) |
|---|---|---|
| માર્ગ અને મકાન વિભાગ | ભૂમિપુજન, ખાતમુહૂર્ત : 95 રસ્તાના વાયડનિંગ, રિસરફેસિંગ, નવીન રોડ | રૂ.140.22 કરોડ |
| માર્ગ વાહનવ્યવહાર નિગમ | લોકાર્પણ : મોડાસા બસપોર્ટ (PPP) | રૂ. 15.15 કરોડ |
| શિક્ષણ વિભાગ | ખાતમુહૂર્ત : 14 સરકારી પ્રાથમિક શાળાઓના 63 નવીન વર્ગખંડ | રૂ. 12.55 કરોડ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ખાતમુહૂર્ત : 15.00 M.L.D. ફિલ્ટર પ્લાન્ટ, 15 લાખ લીટર કેપેસિટીની પાણીની ટાંકી, પાઈપલાઈન, પંપ, વરસાદી પાણીના નિકાલની ગટર લાઈન | રૂ. 11.79 કરોડ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | લોકાર્પણ : 125 પથારીની નવીન પેટા જિલ્લા હોસ્પિટલ | રૂ. 43.04 કરોડ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ખાતમુહૂર્ત : મેઢાસણ સામુહિક આરોગ્ય કેન્દ્ર, સાઠંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | રૂ. 6.80 કરોડ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | લોકાર્પણ : મુનાઈ પ્રા.આરોગ્ય કેન્દ્ર, શિનોલ, પરસોડા, કુડલોમાં પેટા આરોગ્ય કેન્દ્ર | રૂ. 2.17 કરોડ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | લોકાર્પણ : સમરસ કુમાર અને કન્યા છાત્રાલય, મોડાસા | રૂ. 33 કરોડ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ખાતમુહૂર્ત : મોડાસા ચિલ્ડ્રન હૉમ ફોર ગર્લ્સના નવું બાંધકામ | રૂ. 9.71 કરોડ |
| પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના | લોકાર્પણ : સાયન્સ લેબ, શાળાના ઓરડા, ક્રીડાંગણના સાધનો, પુસ્તકાલય વગેરે | રૂ. 2.56 કરોડ |
| ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ | ખાતમુહૂર્ત : B-16 કક્ષાના પોલીસ આવાસો, ઈસરી | રૂ. 5.52 કરોડ |





અને ખાતમુહૂર્ત તે દિશામાં વધુ એક ડગલું છે. અહીં બસ સ્ટેન્ડને અત્યાધુનિક બસપોર્ટ બનાવવામાં આવ્યું છે. શિક્ષણ, આરોગ્ય અને આવાસ સહિત લોકોને તમામ સુવિધાઓ ઉત્તમ પ્રકારે આપવા સરકાર સતત કાર્યરત છે. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓ થકી દીકરીઓની શૈક્ષણિક પ્રગતિ સુનિશ્ચિત કરવામાં આવી છે. તદુપરાંત નાગરિકોને પીવાના અને સિંચાઈના પાણીની સુવિધા પણ મળી રહી છે.

૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ આપણે કરવાનું છે. દેશને વિકસિત બનાવવા વડાપ્રધાનશ્રીએ નવ સંકલ્પ આપ્યા છે. વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા 'કેચ ધ રેન વૉટર',' એક પેડ માં કે નામ', 'સ્વચ્છતા મિશન', 'વોકલ ફોર લોકલ', 'દેશ દર્શન', 'પ્રાકૃતિક ખેતી', 'મેદસ્વિતા મુક્ત ભારત' સહિતના અભિયાનોમાં જોડાવા વ્યાપક જનઅપીલ કરતા મુખ્યમંત્રીશ્રીએ દરેક નાગરિકને વિકાસની મુખ્ય ધારામાં જોડવાની નેમ વ્યક્ત કરી હતી.

શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે અરવલ્લી જિલ્લાને ધર્મતંત્ર, પ્રજાતંત્ર અને રાજતંત્રનો સમન્વય ગણાવીને અરવલ્લીના બાળકોને અત્યાધુનિક શિક્ષણ સેવા પૂરી પાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અન્ન અને નાગરિ ક પૂરવઠા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે વિકાસકાર્યોને જિલ્લાના વિકાસના પરિમાણો બદલનારા ગણાવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પ્રભારીમંત્રી શ્રી બચુભાઈ ખાબડ સહિતના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# ક્રેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સૅરિમની-૨૦૨૫' યોજાઈ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક પરિવારને રહેવા માટે પાકું મકાન મળે તેવો જનકલ્યાણનો વિશાળ સંકલ્પ કર્યો છે. જેને સાકારિત કરવા માટે સરકારની સાથે કેટલાંક સંગઠનો પણ પરિશ્રમ કરી રહ્યાં છે. આવું જ એક સંગઠન છે Confederation of Real Estate Developers' Associations of India (CREDAI) જેણે ૨૫ વર્ષની સફરમાં ૨૪ રાજ્યોમાં ૨૪૦ યુનિટ સાથે ૧૩,૦૦૦ સભ્યોનું સમર્થન પ્રાપ્ત કર્યું છે. તે ભારતના જીડીપીમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે અંદાજે ૧૫ ટકાથી વધુનું યોગદાન આપી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર પરિસરમાં ક્રેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સેરિમની-૨૦૨૫' યોજાઈ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્રેડાઈ નૅશનલના નવીન પ્રમુખ સહિત સમગ્ર ટીમને વોઇસ મેસેજ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાં 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ને પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર પણ નિયમ મુજબ નિયત સમયમાં બાંધકામના પ્લાન મંજૂર કરવા તૈયાર છે. ક્રેડાઈ તેની નવીન નૅશનલ કમિટીમાં ભારતના દરેક ભાગમાંથી એક-એક હોદ્દેદારને જવાબદારી આપીને વડાપ્રધાનશ્રીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની કલ્પના સાકાર કરી રહ્યું છે.

મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'મારું અમદાવાદ' પુસ્તક તથા 'ગ્રીન બિલ્ડિંગ' અહેવાલનું વિમોચન તેમજ સ્કિલ ડેવલપમેન્ટ અંગે ક્રેડાઈ, NSDC અને QCI વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત અને ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.






# 'સરકારની નીતિઓના પરિણામે અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની'

**કોઈપણ વિસ્તારની સમૃદ્ધિ જોવી હોય તો ત્યાંનાં સ્થાપત્યો જુઓ અને સંસ્કાર જોવા હોય તો ત્યાંનું નારીજીવન જુઓ...** આપણે ત્યાં નારીઓને શક્તિ સ્વરૂપા તરીકે પૂજવામાં આવે છે. આધુનિક યુગની મહિલાઓએ તો દરેક ક્ષેત્રમાં આગવી ઓળખ બનાવી છે. ગુજરાતની મહિલાઓને તમામ પ્રકારે પ્રોત્સાહિત કરી સમાજમાં સન્માનભર્યું સ્થાન આપવાની રાજ્ય સરકારની નેમ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી – લેડીઝ ઓર્ગેનાઇઝેશન (FICCI–FLO) નાં અધ્યક્ષા શ્રી શિવાનીબહેન પટેલ ઉપરાંત FICCI FLOની મહિલા સદસ્યોએ મુખ્યમંત્રીશ્રી સાથે વાર્તાલાપ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, “વિકસિત ગુજરાત, વિકસિત ભારત”ના નિર્માણમાં ગુજરાતની મહિલા ઉદ્યોગકારો નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. ગુજરાતના કોઈ પણ સ્થળે મહિલા નીડરતાથી સુરક્ષિત રીતે વેપાર-ઉદ્યોગ કરી શકે તે પ્રકારની અનેક સુવિધાઓ રાજ્ય સરકારે ઉપલબ્ધ કરાવી છે. રાજ્ય સરકારની મહિલા ઉત્થાનની યોજનાઓ અને નીતિઓને પરિણામે આજે ગુજરાતની અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની રહી છે.

દીકરીઓને યોગ્ય ભણતર આપવા માટે પણ સરકારે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓના માધ્યમથી રાજ્યની દીકરીઓ તેમના જીવનમાં અનેક નવા આયામો સર કરવા સક્ષમ બની છે. પહેલાના સમયમાં ગુજરાતના આદિવાસી વિસ્તારની દીકરીઓમાં શિક્ષણનો અભાવ હતો, પરંતુ વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી આજે આદિવાસી વિસ્તારની દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, આદિવાસી દીકરીઓ વિજ્ઞાનપ્રવાહમાં ભણી રહી હોવાથી, રાજ્ય સરકારે તેમના વિસ્તારમાં મેડિકલ કૉલેજો શરૂ કરીને તેમની વધુ સારી કારકિર્દી બનાવવા માટેના પ્રયાસો કર્યા છે

સેમિકંડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવી દેશને વિશ્વનું સેમિકોન હબ બનાવવા વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી ગુજરાતમાં સેમિકંડક્ટર ઉદ્યોગોએ રોકાણ કર્યું છે. પરિણામે હવે દેશની સૌપ્રથમ સેમિકંડક્ટર ચીપનું નિર્માણ પણ ગુજરાતમાં જ થશે. એટલું જ નહિ, વર્ષ ૨૦૦૩માં “વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ” જેવા ફ્લેગશિપ કાર્યક્રમનું વિચારબીજ વાવ્યું હતું, જેના પરિણામે આજે ગુજરાતમાં વિશ્વના ટોચના ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી બનતા ગુનાઓ પર નિયંત્રણ લાવવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારે નાગરિકોના ચારિત્ર્ય ઘડતરમાં મદદરૂપ થાય તે પ્રકારે “સાંસ્કૃતિક યોદ્ધા”ની પણ એક આગવી પહેલ શરૂ કરી છે.

# દ્વિતીય અહેવાલમાં નાગરિક કેન્દ્રિત ૧૦ જેટલી ભલામણ સુચવતું GARC



ગુજરાત વહીવટી સુધારણા પંચની રચનાની જાહેરાત થયાના એક જ મહિનામાં પોતાનો પ્રથમ ભલામણ અહેવાલ રાજ્ય સરકારને આ પંચે સુપરત કરેલો છે. GARC અધ્યક્ષ ડૉ. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં એ જ પરંપરા આગળ ધપાવતા પંચની રચના થયાના બીજા મહિને ૧૦ જેટલી ભલામણો સાથેનો દ્વિતીય ભલામણ અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને પંચના અધ્યક્ષશ્રી  ડૉ. હસમુખ અઢીયાએ સુપરત કર્યો હતો. ૧૦ જેટલી ભલામણો મુખ્યત્વે આ મુજબ છે.

૧. સુખદ નાગરિક અનુભવ માટે યુઝર-ફ્રેન્ડલી સરકારી વેબસાઇટ્સ બનાવવી:
૨. નાગરિક ચાર્ટરને અસરકારક બનાવવું:
૩. સરકારી સેવા વિતરણ પોર્ટલોને સિટિઝન ફ્રેન્ડલી બનાવવા:
૪. ટેકનોલોજી દ્વારા સરકારી પ્રમાણપત્રોની ચકાસણી થઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી:
૫. ફરિયાદ નિવારણ પ્લેટફોર્મને સંકલિત, નાગરિક-કેન્દ્રિત અને વ્યાપક બનાવવું:
૬. અસરકારક જ્ઞાન વ્યવસ્થાપન દ્વારા સંસ્થાકીય જ્ઞાનને મજબૂત બનાવવું:
૭. સરકારી વાહનો માટે વાહન નિકાલ પ્રોટોકોલ:
૮. બધી જાહેર કચેરીઓ માટે બિન-ઉપયોગી ફર્નિચરના નિકાલ માટેનો પ્રોટોકોલ:
૯. શૈક્ષણિક સંસ્થાઓ સિવાયની કચેરીઓ માટે કચેરી સમય સવારે 9:30 થી સાંજે 5:10 કરવો, જેથી અસરકારક કાર્યદિવસ વ્યવસ્થાપન દ્વારા ઉત્પાદકતામાં વધારો લાવી શકાય:
૧૦. સરકાર દ્વારા સોશિયલ મીડિયાનો અસરકારક ઉપયોગ

રાજ્ય સરકારના વિવિધ વિભાગોના કર્મયોગીઓ અને જાહેર જનતા પાસેથી વહીવટી સુધારણા સંદર્ભે GARC દ્વારા તેના પ્રથમ અહેવાલમાં સુચનો મંગાવવાની કરાયેલી ભલામણ સંદર્ભમાં અત્યાર સુધીમાં ૨૧૫૦થી વધુ પ્રતિભાવો અને ભલામણો પંચને મળ્યા છે તેમ GARCના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ જણાવ્યું હતું.  આ ભલામણ અહેવાલો GARCની વેબસાઇટ https://garcguj.in/resources ઉપર અપલોડ કરવામાં આવેલા છે. પંચના સભ્યો મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને સભ્ય સચિવ શ્રી હારિત શુક્લા આ પ્રસંગે સહભાગી થયા હતા.

## શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે CMનો વીડિયો સંવાદ

શિક્ષણ એ કોઈપણ વ્યક્તિની ઉન્નતિ અને વિકાસની પાયાની જરૂરિયાત છે. એક શિક્ષિત વ્યક્તિ સમગ્ર સમાજની તાસીર અને તસવીર બદલવા માટે સક્ષમ છે. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી આદર્શ નાગરિક બનાવવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આ દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક અભિનવ અને પ્રશંસનીય પહેલ કરી છે. તેમણે રાજ્યભરની શાળા વ્યવસ્થાપન સમિતિના ૪.૨૫થી વધુ સભ્યો સાથે ઓનલાઇન માધ્યમથી વીડિયો સંવાદ કર્યો હતો.

રાજ્ય સરકારે અદ્યતન શિક્ષણ વ્યવસ્થાના આયામો અપનાવ્યા છે. એટલું જ નહીં, શિક્ષકો પણ હવે બાળકોની શાળામાં હાજરી સહિત અભ્યાસ અંગેની ઝીણામાં ઝીણી બાબતોની કાળજી લે છે. તેવા સંજોગોમાં SMCએ પણ તેમની સાથે સક્રિયતાથી જોડાઈને પોતાના ગામની શાળા તથા બાળકોના શિક્ષણ સ્તરને વધુ ઉન્નત બનાવવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ આ વીડિયો સંવાદમાં પ્રતીકરૂપે જામનગર, બનાસકાંઠા, દાહોદ, મહીસાગર અને નવસારીની ગ્રામીણ વિસ્તારની શાળાઓના વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે સંવાદ- વાર્તાલાપ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ શાળા વ્યવસ્થાપન સમિતિઓના સભ્યો સાથે વાતચીત દ્વારા તેમના  પ્રસ્તાવો અને ફીડબેક પણ મેળવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તથા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા પણ સંવાદમાં જોડાયા હતા.

**શુભેચ્છા મુલાકાત :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે ભજવાયેલ પ્રસિદ્ધ નાટક 'ચાણક્ય' નિહાળ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કલાકાર શ્રી મનોજ જોશી અને નાટકના લેખક, દિગ્દર્શક તેમજ તમામ કલાકારોને શુભેચ્છાઓ પાઠવી હતી. ચાણક્ય નાટક છેલ્લાં 36 વર્ષથી એક મિશનની જેમ કાર્યરત છે. ભારતના સંસદભવનથી લઈને દેશભરમાં તેમજ વિદેશમાં પણ આ નાટકના પ્રયોગો થઈ ચૂક્યા છે.





**વિમોચન:** ઐતિહાસિક સ્થળોની પ્રત્યક્ષ મુલાકાતનું મૂલ્ય વિશેષ છે. જ્યારે પણ આપણે આવા ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થળોની મુલાકાત લઇએ ત્યારે પ્રવાસની સાથે અંતરમનથી અનુભૂતિ કરીએ. સ્થળ અનુભવ એ અનુભૂતિનું અનોખું માધ્યમ છે. આવી અનુભૂતિ સાથે ડૉ. ખ્યાતિ પુરોહિત લિખિત 'મુઝ મેં મિથિલા બસ ગયા -મિથિલાંચલ ડાયરી'નું વિમોચન ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

**શ્રદ્ધાંજલિ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતના વરિષ્ઠ પ્રચારક સ્વ. હરીશભાઈ નાયકની અમદાવાદના કાંકરિયા ખાતે આવેલા ડૉ. હેડગેવાર ભવન ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા અને સદ્‌ગતને પુષ્પો વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરી હતી.



**ઉદ્ઘાટન :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં 'HCG આસ્થા' કેન્સર હૉસ્પિટલના નવનિર્મિત સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે રાજ્યના પ્રત્યેક નાગરિકને સ્વાસ્થ્ય અંગેની સેવાઓ આપવા રાજ્ય સરકારની તત્પરતા વ્યક્ત કરીને નવનિર્મિત HCG આસ્થા હૉસ્પિટલથી કેન્સરના દર્દીઓની સારવારની સુવિધામાં વધારો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.






**સમૂહ લગ્નોત્સવ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઠાકોર સમાજના સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપી હતી. માંડલના ઉઘરોજ ગામે દેત્રોજ-રામપુરા તાલુકા ઠાકોર સમાજનો ૨૧મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમૂહ લગ્નોત્સવથી સમાજમાં સંપ, એકતા, ભાઈચારો અને સામાજિક સમરસતાની ભાવના વિકસે છે.

**વેબસાઇટ લોંચ :** શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઇટ gujaratinformation.gujarat.gov.in નું ગાંધીનગરમાં લૉન્ચિંગ કર્યું હતું. આ વેબસાઇટમાં પત્રકારો અને સામાન્ય જનતા સરળતાથી વિવિધ પ્રેસનોટ, પ્રકાશનોનો લાભ લઈ શકશે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીનાં સચિવ અને માહિતી પ્રસારણ સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, માહિતી નિયામક શ્રી કે. એલ.બચાણી તથા અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



# ગુજરાતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ પોલીસનું મહાઅભિયાન



ગુજરાત પોલીસે ગેરકાયદે રીતે રાજ્યમાં વસવાટ કરનારા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ મહાઅભિયાન હાથ ધર્યું છે. એક જ રાત્રિમાં અમદાવાદ પોલીસે 890 અને સુરત પોલીસે 134 ગેરકાયદે બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે.

સુરતમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ રાજ્યના તમામ જિલ્લાના પોલીસ વડાઓ, રેન્જ વડા અને લૉ એન્ડ ઓર્ડર તેમજ આઈ.બીના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને બાંગ્લાદેશીઓની તમામ ગતિવિધિઓ અંગે કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા હતા. રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે જણાવ્યું હતું કે, બનાવટી દસ્તાવેજો બનાવનારા બંગાળના ગુનાહિત નેટવર્કની તપાસ ચાલુ છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના મૂળ દેશ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ ગેરકાયદે વસવાટ કરનારા બાંગ્લાદેશીઓને પોલીસ સ્ટેશનમાં સરેન્ડર થવા ચેતવણી આપવા સાથે ઘૂસણખોરોને આશરો આપનારાઓ સામે પણ કડક પગલાં લેવાના નિર્દેશ આપ્યા છે. ગુજરાત સરકારના નિર્દેશથી ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન હાથ ધર્યું છે. આ બાંગ્લાદેશીઓ પૈકી મોટાભાગના લોકો બંગાળમાંથી બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી ગુજરાત સહિત ભારતના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા હતા. તે અંગે બારીક તપાસ જોઈન્ટ ઇન્ટ્રોગેશન સેન્ટર ખાતે ચલાવવામાં આવી રહી છે. બાંગ્લાદેશીઓ અગાઉ ડ્રગ્સ, હ્યુમન ટ્રાફિકિંગ અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે.

# ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો વર્ચ્યુઅલ શુભારંભ



ખેડૂતોને આર્થિક નુકસાનથી બચાવીને તેમની આવક વધારવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી એક મહત્ત્વપૂર્ણ પગલું પુરવાર થઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી કરાઈ છે ત્યારે કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદીનો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો હતો. આ વેળાએ તેમણે જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવી છે. નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા માટે નક્કી કરાયેલાં ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલાં ૮૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. પ્રાઇઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ભારત સરકારની મંજૂરી મુજબ રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો તેમજ રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવી સિઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યાં હતાં.

# PAI ના રાજ્યવાર મૂલ્યાંકનમાં ગુજરાત 346 ગ્રામ પંચાયતો સાથે મોખરે

૨૪ એપ્રિલ એટલે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ. આ દિવસ ૧૯૯૨માં પસાર થયેલા ૭૩મા બંધારણીય સુધારા અધિનિયમની યાદ અપાવે છે. આ કાયદાએ ભારતમાં પંચાયતી રાજ પ્રણાલીની સ્થાપના કરી અને ગ્રામીણ ભારતમાં સ્થાનિક સ્વરાજ્યને મજબૂત બનાવ્યું છે. ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે તાજેતરમાં પહેલી વાર પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ (PAI) જારી કરવામાં આવ્યો છે. ભારત સરકારના આ પંચાયત પ્રગતિ સૂચકાંક (PAI)માં દેશભરની કુલ ૨,૧૬,૨૮૫ માન્ય ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની ૩૪૬ પંચાયતોને 'અગ્રણી' અને ૧૩,૭૮૧ પંચાયતોને 'વધુ સારું પ્રદર્શન' કરનારી શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ બંને શ્રેણીઓમાં ગુજરાત દેશમાં મોખરાનું રાજ્ય છે. આ સૂચકાંકમાં, તેલંગાણા ૨૭૦ 'અગ્રણી' પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે 'વધુ સારું પ્રદર્શન' શ્રેણીમાં મહારાષ્ટ્ર ૧૨,૨૪૨ પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું અને તેલંગાણા ૧૦,૦૯૯ પંચાયતો સાથે ત્રીજા ક્રમે રહ્યું.

આ PAI સૂચકાંકમાં દેશની ૨,૫૫,૬૯૯ ગ્રામ પંચાયતોમાંથી ૨,૧૬,૨૮૫ પંચાયતોએ માન્ય ડેટા રજૂ કર્યો હતો, જેમાંથી ૬૯૯ પંચાયતો 'અગ્રણી', ૭૭,૨૯૮ 'વધુ સારું પ્રદર્શન કરનારી' અને ૧,૩૨,૩૯૨ 'મહત્વાકાંક્ષી' પંચાયતો હતી. પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સમાં ગુજરાતની આ સિદ્ધિ ગ્રામીણ શાસન અને ટકાઉ ગ્રામીણ વિકાસમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના 'સશક્ત ગામડાંઓ, સમૃદ્ધ દેશ'ના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સફળ નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે.

### પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ શું છે?

*પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ (PAI) દેશની 2.5 લાખથી વધુ ગ્રામ પંચાયતોના ટકાઉ વિકાસ લક્ષ્યો (LSDGs) ને અનુરૂપ પ્રગતિને માપવા માટેનું એક વ્યાપક મૂલ્યાંકન સાધન છે. આ સૂચકાંક ગામડાંઓના પાયાના વિકાસનું મૂલ્યાંકન કરવા અને પંચાયતોની ભૂમિકાને મજબૂત બનાવવા તરફ એક મોટું અને ઐતિહાસિક પગલું માનવામાં આવે છે, જેમાં ગરીબી મુક્ત અને સારી આજીવિકા, સ્વસ્થ પંચાયત, બાળ-અનુકૂળ પંચાયત, જળ-પર્યાપ્ત પંચાયત, સ્વચ્છ અને હરિયાળી પંચાયત, આત્મનિર્ભર માળખાગત પંચાયત, સામાજિક રીતે ન્યાયી અને સલામત પંચાયત, સુશાસન યુક્ત પંચાયત અને મહિલા-અનુકૂળ પંચાયત જેવા 9 વિષયોનો સમાવેશ થાય છે. આ વિષયોનું મૂલ્યાંકન 435 સ્થાનિક સૂચકાંકો અને 566 ડેટા પોઈન્ટ દ્વારા કરવામાં આવ્યું છે.*




## બોટાદનાં અનેક ગામો ટીબીમુક્ત

*ભૂતકાળમાં ટીબી રોગને રાજરોગ ગણવામાં આવતો હતો. આ રોગનાં નિદાન અને સારવાર પણ ખૂબ મુશ્કેલ હતાં. પરંતુ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન જેવા કાર્યક્રમના પરિણામે ટીબીને હરાવવો શક્ય બન્યો છે. ભારત સરકાર દ્વારા ચાલતાં ટી.બી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબીમુક્ત પંચાયતની કામગીરી હાથ કરવામાં આવી છે, જે અંતર્ગત બોટાદના ઢાકણિયા, રાજપરા, સાલૈયા, નાગલપર અને જોટીંગડા ગામ સતત બીજા વર્ષે ટીબીમુક્ત થતાં તેમને સિલ્વર ઍવૉર્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયાં છે. આના પરથી કહી શકાય કે, ટી.બી.એ મહારોગ નહીં પરંતુ મટી શકે તેવો રોગ છે.*

# હોલીસ્ટિક ડેવલપમેન્ટ કૅટેગરીમાં રાજકોટ અવ્વલ

*દિવ્યા ત્રિવેદી*



રાજકોટ જિલ્લો ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ યોજનાઓના અસરકારક અમલમાં અવ્વલ છે. તાજેતરમાં "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કૅટેગરી" અંતર્ગત દેશના ૭૮૦ જિલ્લાઓમાંથી રાજકોટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી "પી.એમ. ઍવૉર્ડ્સ ફોર એક્સેલેન્સ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૨૪" મેળવ્યો છે. કેન્દ્ર સરકારની ૧૧ જેટલી ફ્લેગશિપ યોજનામાં રાજકોટ જિલ્લાની કામગીરી સર્વશ્રેષ્ઠ રહેતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂ. ૨૦ લાખનો રોકડ પુરસ્કાર કલેક્ટર શ્રી પ્રભવ જોષીને એનાયત કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લામાં ૩૨ હજારથી વધુ ઘરો પ્રધાનમંત્રી સૂર્યઘરની યોજનાથી જોડાઈ ઊર્જાની બાબતમાં આત્મનિર્ભર બન્યાં છે. સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત દૈનિક ૮૮૦થી વધુ લાભાર્થીઓ લાભ મેળવે છે. પોષણ ૨.૦ હેઠળ બાળકોને મહિલા સ્વ-સહાય જૂથો દ્વારા બનાવેલાં સિંગની ચિક્કી અને રમકડાં આપવામાં આવ્યાં હતાં.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ૯૨૦૦થી વધુ મકાનો બગીચા, આંગણવાડીઓ, રૂફટોપ સોલાર, વરસાદી પાણીનો સંચય વગેરે જેવી આધુનિક સુવિધાઓ સાથે બનાવાયાં છે, જેમાં ૧૨ હાઉસિંગ પ્રોજેક્ટને ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ મળ્યું છે. PMAY- Redevelopment Component હેઠળ પ્રથમ વખત ૪૭ વર્ષ જૂની અરવિંદ મણિયાર હાઉસિંગ સોસાયટીનું પુનઃવિકાસ કાર્ય હાથ ધરાયું છે. Global Housing Technology Challenge હેઠળ “લાઇટહાઉસ” પ્રોજેક્ટમાં ૧,૧૪૪ રહેઠાણો ટનલ ફોર્મવર્ક ટૅક્નૉલૉજી વડે ઝડપી સમય, ઓછા ખર્ચ અને ઓછી મહેનતે બનાવવામાં આવે છે. જિલ્લાની વિશિષ્ટ પહેલ તરીકે, ઉપલેટા અને ગોંડલની ઉપજિલ્લા હૉસ્પિટલમાં ૧૦ બેડના બે વિશિષ્ટ નવજાત શિશુ સંભાળ એકમો (SNCU) સ્થાપિત કરવામાં આવ્યાં છે, જેમાં અત્યાર સુધી ૮૩૫ નવજાત શિશુઓની સારવાર પણ કરવામાં આવી છે. ખરેખર, અહીં વિવિધ યોજનાઓનો લાભ મેળવી લોકો આનંદિત છે.



## ખાખરેચી આયુષ્માન આરોગ્યમંદિરને NQAS પ્રમાણપત્ર

***ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે જેના કારણે લોકોને આરોગ્ય વિષયક સેવા મેળવવામાં મુશ્કેલી થતી નથી. તાજેતરમાં ભારત સરકાર દ્વારા મોરબી જિલ્લાના માળિયા તાલુકાના ખાખરેચી-૨ આયુષ્માન આરોગ્ય મંદિરને જરૂરી તમામ માપદંડોની ચકાસણી બાદ નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓ માટે ૯૦.૮૬ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ મોરબી જિલ્લાની આરોગ્ય સેવાઓની ગુણવત્તા અને કાર્યક્ષમતાના ઉન્નત સ્તરને પ્રદર્શિત કરે છે.***




### અવકાશ ક્ષેત્રે ઉદ્યોગોને મળશે નવી ઉડાન

# ગુજરાત 'સ્પેસટેક પૉલિસી'

સ્પેસ ટૅક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સરકારે ગુજરાત સ્પેસટેક પૉલિસી 2025-2030 જાહેર કરી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં દેશનું હબ બન્યા બાદ ગુજરાતે હવે સ્પેસ ટૅક્નોલૉજી ક્ષેત્રમાં પ્રગતિનાં નવાં સોપાન સર કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

વર્તમાન સમયમાં સંરક્ષણ, નેવિગેશન, આરોગ્ય સેવા, ઇન્ટરનેટ, ડેટા ટ્રાન્સફર, હવામાનના અંદાજ અને આપત્તિ વ્યવસ્થાપન જેવી મહત્ત્વપૂર્ણ સેવાઓમાં સ્પેસ ક્ષેત્ર અનિવાર્ય બન્યું છે. ગુજરાત સરકારની નવી ગુજરાત સ્પેસટેક પૉલિસી 2025-2030 અંતર્ગત IN-SPACe, ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં સ્પેસ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં સહાયતા મળશે.

ચંદ્રયાન, મંગળયાન અને SpaDeX જેવાં મિશનોથી આપણા દેશની પ્રસિદ્ધિ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં વર્ષ 2020માં ખાનગી ભાગીદારી માટે સ્પેસ ક્ષેત્ર ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું અને ખાનગી ક્ષેત્રો માટે સિંગલ વિન્ડો તરીકે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઑથોરાઇઝેશન સેન્ટર ( IN-SPACe)ની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ આ મહત્ત્વાકાંક્ષી કામગીરીને વેગ આપવા માટે ભારત સરકારે ઇન્ડિયન સ્પેસ પૉલિસી 2023 અને FDIમાં જરૂરી સુધારા જાહેર કર્યા હતા.

જેનાથી પ્રેરાઈને ગુજરાત સરકારે આ નવી પૉલિસી તૈયાર કરી છે. સ્પેસટેક નીતિ સેટેલાઇટ પેલોડ્સ અને અન્ય ભાગોના ઉત્પાદનથી લઈને સંદેશાવ્યવહાર અને પ્રોપલ્શન સિસ્ટિમ્સ, ગ્રાઉન્ડ સ્ટેશનો, સેટેલાઇટ નિયંત્રણ કેન્દ્રો અને અવકાશ-આધારિત એપ્લિકેશન ડિઝાઇન સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓ માટે નાણાકીય અને બિન-નાણાકીય સહાય પૂરી પાડશે.

આ પહેલ રોકાણકારો અને ઉદ્યોગસાહસિકોને ગુજરાતમાં અવકાશ ક્ષેત્ર સંબંધિત ઉદ્યોગોના નિર્માણ અને સંચાલન કરવા માટે સશક્ત બનાવશે. ગુજરાત સરકાર એક સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્કના નિર્માણ માટે INSPACe, અવકાશ વિભાગ (ભારત સરકાર) સાથે મળીને કામ કરશે, જેમાં સામાન્ય તકનીકી સુવિધાઓ સહિત માળખાગત સુવિધાઓ હશે અને તે અવકાશ ક્ષેત્રમાં સાહસોને પ્રોત્સાહન આપવા માટે એક મજબૂત પ્લેટફૉર્મ પૂરું પાડશે.

ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ, IT/ITeS અને GCC માટે કેન્દ્રિત નીતિઓના તાલમેલ સાથે આ સ્પેસટેક નીતિનો ઉદ્દેશ ગુજરાતને હાઇ-ટેક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો અને 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં આગળ વધવાનો છે.

### *ગુજરાત સ્પેસટેક પૉલિસીના મુખ્ય અંશો*

*• સ્પેસટેક મેન્યુફેક્ચરિંગ - ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ (2022-2028) હેઠળ સહાય ઉપરાંત, લૉન્ચ ખર્ચ અને પેટન્ટ ફાઇલિંગ માટે વધારાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. • ગ્રાઉન્ડ સેગમેન્ટ, સ્પેસ એપ્લિકેશન્સ અને ડિઝાઇન - આ ક્ષેત્રોમાં સામેલ સાહસો ગુજરાત IT/ITeS નીતિ (2022-27) હેઠળ પ્રોત્સાહનો માટે પાત્ર રહેશે. • સ્પેસટેક સ્ટાર્ટઅપ્સ - ગુજરાત IT/ITeS નીતિ (2022-27) હેઠળ ICT અને ડીપ ટેક સ્ટાર્ટઅપ્સ પ્રોગ્રામ દ્વારા સ્ટાર્ટઅપ્સને સહાય આપવામાં આવશે.*





# પોષણ પખવાડિયું ૨૦૨૫ : સ્વસ્થતાથી સમૃદ્ધિ સુધીની સફર

ઋચા રાવલ

ગુજરાત સરકાર દ્વારા 'પોષણ અભિયાન' હેઠળ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહી પોષણ દેશ રોશન"ના આહ્વાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે પોષણલક્ષી અનેક નવતર આયામો હાથ ધર્યા છે. ભારતને કુપોષણમુક્ત બનાવવાની નેમ સાથે દેશભરમાં દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં 'પોષણ પખવાડિયું' અને સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય પોષણ માહ' ઉજવવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર તથા આરોગ્યપ્રદ ભારતના નિર્માણ તરફ સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. વર્ષ ૨૦૧૮થી શરૂ કરવામાં આવેલા ૭ પોષણ માસ અને ૬ પોષણ પખવાડિયાં દ્વારા, વિવિધ થીમ અંતર્ગત ૧૦૦ કરોડથી વધુ પોષણ-કેન્દ્રિત પ્રવૃત્તિઓ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારીથી બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકાર દ્વારા સક્રિય પગલાં લેવાઈ રહ્યા છે.

## ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ

ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાની આગેવાનીમાં તા. ૮ થી ૨૨ એપ્રિલ ૨૦૨૫ સુધી પોષણ પખવાડિયું ઉજવવામાં આવ્યું હતું. આ પખવાડિયા દરમિયાન નક્કી કરવામાં આવેલાં વિવિધ પાંચ ક્ષેત્રો અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦, ૮૩,૯૯૪ જેટલી પ્રવૃત્તિઓનું આયોજન કરી સમગ્ર ગુજરાતમાં પોષણ અને આરોગ્ય માટેની સારી આદતોને પ્રોત્સાહિત કરી છે.

## પોષણ પખવાડિયું ૨૦૨૫ માટે પાંચ મુખ્ય ક્ષેત્રો

આ વર્ષના પોષણ પખવાડિયા ૨૦૨૫ માટે પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં છે, જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ ૧૦૦૦ દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્ત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જાગૃતિ ફેલાવવી જેવા વિષયો પર કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત મોનિટરિંગ અને સેવા પહોંચાડવા માટે બેનિફિશિયરી મોડ્યૂલ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો પ્રચાર કરવો અને પરંપરાગત અને સ્થાનિક પોષણક્ષમ આહારને સ્વીકારવા માટે પ્રોત્સાહન આપવું જેવાં પાંચ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં હતાં.

## નવતર પહેલ

મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા ૨૦૨૧ માં શરૂ કરાયેલ પોષણ ટ્રેકર એપ્લિકેશન આંગણવાડી કેન્દ્રો અને પોષણ ટ્રેકરનું સ્ટેટ ડેશબોર્ડથી રિયલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે. આ એપ્લિકેશનને નવી સુવિધાઓ, અહેવાલો અને સુધારાઓ સાથે સતત અપગ્રેડ કરવામાં આવી રહી છે.

## પોષણ ટ્રેકર એપ્લિકેશન અપગ્રેડ

પાત્રતા ધરાવતા દરેક લાભાર્થીને સેવાઓનો લાભ મળે તે સુનિશ્ચિત કરવું એ પોષણ અભિયાનનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે અને પોષણ ટ્રેકર એપ્લિકેશનને બધા લાભાર્થીઓ માટે સુલભ બનાવવાના પ્રયાસના ભાગરૂપે લાભાર્થી નોંધણી માટેનું ફોર્મ પોષણ ટ્રેકર વેબ એપ્લિકેશનમાં સમાવિષ્ટ કરાયું છે. પોષણ ટ્રેકર વેબ ઇન્ટરફેસ લાભાર્થીઓને આંગણવાડી કેન્દ્ર પસંદ કરીને એપ્લિકેશનમાં નોંધણી માટે અરજી કરવાની સુવિધા આપે છે જેમાં તેઓ ઉપલબ્ધ સેવાઓ પણ જોઈ શકે છે.

જેમાં વૃદ્ધિની દેખરેખ અને પૂરક પોષણ વિતરણનું નિરીક્ષણ થાય છે. પોષણ અભિયાન અંતર્ગત પોષણ સંબંધિત



સૂચકાંકો પર ડેટા જનરેટ કરવા માટે કેન્દ્રીય પ્લેટફોર્મ પોષણ ટ્રેકરનો ઉપયોગ કરે છે. જેમાં ઓછું વજન, દૂબળાપણું અને ઠીંગણાપણું, પૂરક પોષણનું વિતરણ, ગૃહ મુલાકાતો અને સમુદાય આધારિત કાર્યક્રમોની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નિયમિતપણે સમીક્ષા કરી તે હેઠળ કામગીરી કરવામાં આવે છે.

## કુપોષણને નામશેષ કરવાની પહેલ

સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) યોજના હેઠળ છ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો અને સગર્ભા તથા ધાત્રી માતાઓને પૂરક પોષણ, રસીકરણ, આરોગ્ય તપાસ અને રેફરલ સેવાઓ પૂરી પાડે છે. ૬ મહિનાથી ૩ વર્ષનાં બાળકોને ટેક-હોમ રાશન તથા આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષનાં આશરે ૧૫.૬૪ લાખથી વધુ બાળકોને દૈનિક સવારનો ગરમ નાસ્તો અને બપોરે ગરમ રાંધેલા ભોજનની સુવિધા આપવામાં આવે છે. સગર્ભા તથા ધાત્રી માતાઓને બાલશકિત, માતૃશકિત અને પૂર્ણાશકિત ટેક હોમ રેશન (THR) પૂરક પોષણ આહાર તરીકે અપાય છે.

## છેલ્લા એક વર્ષમાં ૫ લાખથી વધુ માતાઓને લાભ

કુપોષણની સમસ્યાનો સામનો કરવા અને ભાવિ પેઢીઓને બચાવવા માટે બાળકોને પૂરતું પોષણ પૂરું પાડવા માટે રાજ્યમાં મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના (MMY) જેવી વિવિધ પોષણલક્ષી યોજનાઓ કાર્યરત છે. આ યોજના હેઠળ પ્રથમ વખતની સગર્ભા અને ૨ વર્ષ સુધીનાં બાળકોની માતાઓને રો-રાશન કે જેમાં ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લિટર ફોર્ટિફાઇડ તેલ આપવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં ૫ લાખથી વધુ માતાઓને આ લાભ અપાયો છે.

રાજ્યના આદિવાસી તાલુકાઓમાં સગર્ભાઓને અને ૬ માસ સુધીના બાળકોને સ્તનપાન કરાવતી માતાઓને ૧ સમયનું સંપૂર્ણ ભોજન આપવાના ઉદ્દેશ્ય સાથે પોષણ સુધા યોજના (PSY) અમલી છે. આ યોજનામાં એક લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભાન્વિત કરાઈ છે. દૂધ સંજીવની યોજના (DSY) અંતર્ગત ૬ મહિનાથી ૬ વર્ષ સુધીના બાળકોને ૧૦૦ મિલી ફોર્ટિફાઇડ દૂધ, અઠવાડિયામાં ૫ દિવસ અને સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ મિલી દૂધ આપવામાં આવે છે.

## પૂર્ણા યોજના

રાજ્યની ૧૫-૧૮ વર્ષની કિશોરીઓમાં કુપોષણ, એનિમિયા અને વહેલા લગ્નને ઘટાડવાના આશયથી પૂર્ણા-પ્રિવેન્શન ઓફ અન્ડર ન્યુટ્રિશન એન્ડ રિડક્શન ઓફ ન્યુટ્રિશનલ એનિમિયા અમોન્ગ એડોલેશન્ટ ગર્લ્સ યોજના કાર્યરત છે, જેમાં પૂરક પોષણ અને આયર્ન તથા ફોલિક એસિડની ગોળીઓ આપવામાં આવે છે અને આરોગ્ય તપાસ કરાય છે. જે હેઠળ અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ કિશોરીઓને લાભ મળ્યો છે.

## વિલેજ હેલ્થ સેનિટેશન એન્ડ ન્યુટ્રિશન ડેઝ

આરોગ્ય અને પોષણ સેવાઓ પૂરી પાડવા માટે નિયમિત VHSND (મમતા દિવસ)નું આયોજન કરવામાં આવે છે, જેમાં વૃદ્ધિની દેખરેખ, રસીકરણ અને નવજાત શિશુ અને બાળકોને ખોરાક આપવાની પદ્ધતિઓ પર કાઉન્સેલિંગ વગેરેનો સમાવેશ થાય છે.

પોષણ માહ માત્ર એક ઉજવણી નથી, પણ આ દેશના નાગરિકોને પોતાના જીવનમાં પોષણને કેન્દ્રસ્થાને લાવવાનો સંકલ્પ છે.

# પૂનમભાઈને આયુષ્માન ભારત યોજનાએ આપ્યું નવું જીવન

નિધિ દવે



વડોદરા જિલ્લાના નાનકડા ગામ ડોડકામાં રહેતા પઢિયાર પરિવારની આ એક પ્રેરણાદાયી કહાણી છે, જે સરકારની આયુષ્માન ભારત યોજનાના અમૂલ્ય લાભને ઉજાગર કરે છે. આ ગામના 58 વર્ષીય વૃદ્ધ પૂનમ બુધાભાઈ પઢિયારના જીવનમાં આ યોજના એક આશીર્વાદ બનીને આવી. સપ્ટેમ્બર ૨૦૨૪માં તેમના હૃદયની ગંભીર શસ્ત્રક્રિયા થઈ અને તેના ચાર મહિના પૂર્વે પણ તેમણે એક અન્ય હૃદયની સર્જરીનો સામનો કર્યો હતો. આ બંને શસ્ત્રક્રિયાઓનો ખર્ચ લગભગ ત્રણ લાખ રૂપિયા જેટલો થયો, જે નાની-મોટી મજૂરી કરીને ગુજરાન ચલાવતા આ પરિવાર માટે અસહ્ય બોજ સમાન હતો. પરંતુ આયુષ્માન કાર્ડની મદદથી આ બધો ખર્ચ સરકારે ઉપાડ્યો અને પૂનમભાઈને નવું જીવનદાન મળ્યું. આ સહાય માટે તેમણે સરકાર પ્રત્યે ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરી.

> હૃદયની બે સર્જરી, 3 લાખનો ખર્ચ, પણ સરકારે ઉપાડ્યો બધો બોજ. ગરીબીમાં પણ આશાનું કિરણ બની આ યોજના.

આ સમગ્ર ઘટનામાં તેમના પરિવારની મહિલાઓનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો. પૂનમભાઈની પત્ની અને પુત્રવધૂ લક્ષ્મીબેન પઢિયારે આ મુશ્કેલ સમયમાં અદ્ભુત હિંમત અને સમર્પણ દર્શાવ્યું. કારણકે પૂનમભાઈનો પુત્ર છૂટક કમાણી કરે છે અને આ છ લોકોનો પરિવાર છે. જેમાં બે બાળકો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. ઘણી વખત તો બે સમયે જમવાના પણ ફાંફા પડતા.

લક્ષ્મીબેને જણાવ્યું, "એક સાંજે છ વાગ્યે અચાનક મારા સસરાની તબિયત લથડી. અમે તેમને તાત્કાલિક નજીકના દવાખાને લઈ ગયાં. ત્યાંના ડૉક્ટરે કહ્યું કે, હૃદયની સારવાર માટે મોટી હૉસ્પિટલમાં જવું પડશે. રાતના બે વાગ્યા સુધી હું અને મારી સાસુ રતનબહેન તપાસ કરી, માહિતી એકઠી કરી. અંતે આયુષ્માન કાર્ડની મદદથી સસરાને દાખલ કરવામાં આવ્યા. ત્રણ લાખનો ખર્ચ થયો, પણ આ યોજનાએ અમારું બધું દેવું માફ કરી દીધું."

આ ઘટના એક જીવંત પુરાવો છે કે સરકારની આવી કલ્યાણકારી યોજનાઓ જરૂરિયાતમંદોના જીવનમાં કેવી રીતે પ્રકાશ લાવી શકે છે. અડધી રાતે પણ આ પરિવારને સહાય મળી અને તેમના દુઃખનો અંત આવ્યો. આયુષ્માન યોજના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશાનું કિરણ બની રહી છે, અને ડોડકાના પઢિયાર પરિવારની આ કહાની તેનું ઉત્તમ ઉદાહરણ છે. સરકારના આ પ્રયાસો દ્વારા અનેક જીવનો બચ્યાં છે અને લોકોના ચહેરા પર સ્મિત ફરી ખીલ્યું છે.









# 'ફાલસાનો પલ્પ, આવકનો જમ્પ'
## એક મહિનામાં આઠ લાખનો ચોખ્ખો નફો

*મિનેશ પટેલ*

અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાનું વાંચ ગામ મુખ્યત્વે ફટાકડાના કારખાનાઓ માટે જાણીતું છે. હાલમાં વાંચ ગામમાં મોટાપાયે થતાં ફાલસાના વાવેતર અને ઉત્પાદને ગામને નવી ઓળખ આપી છે.

આ ગામના વ્યવસાયે પ્રિન્ટિંગ પ્રેસના કારોબાર સાથે સંકળાયેલા અમિતભાઈ શાહ બાગાયતી ખેતી પણ કરે છે. તેઓ પોતાની ૪.૨૫ વીઘા જમીન ઉપરાંત ભાડા પેટે અન્ય ૫ વીઘા જમીન મેળવીને કુલ ૯ વીઘા જમીનમાં ખેતી કરે છે. જેમાં ૫ વીઘામાં ફાલસાનું વાવેતર કર્યું છે.

અમિતભાઈ જણાવે છે, "જે ફાલસાના બજારમાં કિલોના ૧૫૦ રૂપિયા મળે છે, એ જ ફાલસાનો પલ્પ બનાવીને બજારમાં વેચીએ તો તેના ત્રણ ગણા ભાવ મળે છે. બાગાયત ખાતાની ૧ લાખની સહાય મેળવીને મેં આ વર્ષે પ્રોસેસિંગ યુનિટ સ્થાપ્યું છે. ભૂતકાળમાં આમળા અને પપૈયાના પાકોના વાવેતર માટે પણ સહાય મેળવેલી છે. સાદી ખેતી કરતા ખેડૂતમાંથી હવે હું મૂલ્યવર્ધન કરતો ખેડૂત બન્યો છું. આજે 'ફાર્મ ફ્રેશ' બ્રાન્ડ નેમથી પલ્પ વેચું છું. હોલસેલ અને રિટેલમાં રેસ્ટોરન્ટ, વેપારીઓ તથા હાઉસહોલ્ડને વેચાણ કરું છું"

> કાર્બોહાઈડ્રેટ્સ, વિટામીન અને ફાઇબરથી ભરપૂર 'નેચરલ કૂલિંગ એજન્ટ' તરીકે ઓળખાતા ફાલસા હિટ સ્ટ્રોક સામે રક્ષણ આપવા ઉપરાંત બ્લડ શુગર લેવલ કંટ્રોલ કરવા સહિત હાયપરટેન્શન અને એનેમિયા જેવા રોગોમાં ઉપયોગી થાય છે.

ફાલસાની સીઝન એક મહિનાની જ હોય છે. ડિસેમ્બર માસમાં કાપણી કર્યા બાદ એપ્રિલના પ્રથમ અઠવાડિયા આસપાસ ફાલ આવવાનું શરૂ થાય છે. આ વર્ષે તેમને ૬૦૦૦ કિલો જેટલા ફાલસાનું ઉત્પાદન મળવાનો અંદાજ છે. જેમાંથી ૩૦૦૦ કિલો તેઓ બજારમાં વેચશે અને બાકીના ૩૦૦૦ કિલો ફાલસામાંથી ૨૦૦૦ કિલો જેટલો પલ્પ બનશે.

અમિતભાઈ ફક્ત ખાંડ અને મીઠાનો ઉપયોગ કરીને પલ્પ બનાવે છે. જેમાં કોઇ પણ પ્રિઝર્વેટિવનો ઉપયોગ કરતા નથી. વીણીને લેવાયેલા ફાલસાના ફળોનું મીઠાના પાણીમાં ધોઇને પલ્પ બનાવાય છે. પલ્પમાં સુગર અને મીઠું ભેળવીને ફાઈનલ પ્રોડક્ટનું પેકિંગ કરવામાં આવે છે. મૂલ્યવર્ધન થકી ફાલસાનો પલ્પ બનાવીને તેઓ સીઝનમાં ૧૨-૧૩ લાખની અધધ આવક મેળવી રહ્યા છે. તમામ ખર્ચાઓ બાદ કરતા તેઓ ફાલસાની ખેતીથી એક મહિનાની ટૂંકી સીઝનમાં ૮ લાખ જેટલો ચોખ્ખો નફો મેળવે છે.



## સરકારી સ્કૂલ કી તરફ ચલે હમ

# ‘થલતેજ અનુપમ શાળા - ૨’માં ઍડમિશન માટે લાઇન

ગોપાલ મહેતા

**‘સરકારી સ્કૂલોમાં ઍડ્‌મિશન માટેની લાઇન અને વેઇટિંગ લિસ્ટ...”** કદાચ આ શબ્દો તમારા કાને પડતાં તમે એક સેકન્ડ માટે તો આશ્ચર્યચકિત થઈ જશો અને જરૂરથી કહેશો કે, અરે ના હોય ! આવું તો માત્ર પ્રાઇવેટ સ્કૂલમાં જોવા મળે. પણ આ વાત એટલી જ સત્ય છે કે, હવે સરકારી સ્કૂલોમાં ઍડ્‌મિશન માટેની લાઇનો પણ લાગી રહી છે અને કેટલીક સરકારી સ્કૂલો દ્વારા વેઇટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવી રહ્યું છે, આ પ્રકારની પરિસ્થિતિ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત ઝોનની અંદાજિત ૨૫થી વધુ સરકારી શાળાઓમાં જોવા મળી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અસરકારક કામગીરી થઈ રહી છે, તેના પરિણામે સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમનાં બાળકોને સરકારી શાળામાં મૂકતાં થયા છે. થલતેજ અનુપમ(સ્માર્ટ) પ્રાથમિક શાળામાં ખાનગી શાળામાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યાની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૪, વર્ષ ૨૦૨૩-૨૪માં ૭૯ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ૯૫૦૦ વિદ્યાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૫૩૧૫ તેમજ વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ૪૩૯૯ જેટલા વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઇનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે નામાંકન સર્વે મુજબ બાળવાટિકામાં પ્રવેશપાત્રની બાળકોની સંખ્યા ૮૨૫૫ તેમજ ધોરણ ૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫૦૧ છે, આમ કુલ ૯૭૫૬ પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા છે.

આ અંગે અમદાવાદ શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈએ કહ્યું કે, ‘રાજ્ય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓ જેમકે, નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, મુખ્યમંત્રીશ્રી પુરસ્કૃત સ્કૉલરશિપ યોજનાઓ, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતની શાળાઓ, સ્માર્ટ શાળા, અદ્યતન કમ્પ્યૂટર લેબ, સાયન્સ લેબ, સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત પ્રોગ્રામ તેમજ માળખાકીય સુવિધામાં વધારો જેવાં પરિબળોને કારણે વાલીઓને દૃઢ વિશ્વાસ થયો છે કે, તેમના બાળકને ખાનગી શાળાઓ કરતાં પણ અનેકગણું ગુણવત્તાલક્ષી શિક્ષણ સરકારી શાળામાં મળી રહ્યું છે.

સમયની સાથે કદમ મિલાવીને વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે, જેના કારણે ‘થલતેજ અનુપમ શાળા’ જેવી અનેક સરકારી શાળાઓમાં ઍડ્‌મિશન માટે લાઇન થઈ રહી છે.

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હાલની ૨૧૪ શાળાઓમાં માળખાકિય સુવિધાની કામગીરી ચાલી રહી છે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. અંદાજિત ૧૮ જગ્યાઓ પર નવી સ્કૂલોનું નિર્માણ પણ થઇ રહ્યું છે. આ ઉપરાંત ભિક્ષા નહીં શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત રોડ પર ભિક્ષાવૃત્તિ કરનાર વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ પણ ચાલી રહ્યું છે.






## સોશિયલ મીડિયાના માધ્યમથી

# પ્રાકૃતિક ફાર્મની પ્રોડક્ટનું અઢળક વેચાણ

'ખેડૂતના હાથમાં હળ છે અને હૈયામાં ધરતી માટે પ્રેમ' આ વાતને કોઈ પણ નકારી શકે નહિ. તેનું કારણ છે, ખેડૂતોએ ધરતી માટે નુકસાનકારક રાસાયણિક ખાતરને ત્યાગીને પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પવિત્ર નદી નર્મદાના કાંઠે વિકસેલા ભરૂચ જિલ્લામાં પણ અનેક ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી પોતાનો ધરતી પ્રેમ દર્શાવ્યો છે. ભરૂચના અણખી ગામના જાગૃત ખેડૂત ગોસ્વામી ધર્મેશગીરીએ 5 એકર જમીનમાં "પ્રાણશીવ" નામનું પ્રાકૃતિક ફાર્મ બનાવ્યું છે, જ્યાં છેલ્લાં 6 વર્ષથી તેઓ સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

તેઓ બીજને અન્ય જંતુ/ફુગનાશકોના બદલે બીજામૃતનો પટ આપે છે. પાયામાં છાણિયા ખાતરનો સીધો ઉપયોગ કરવાના બદલે તેમાંથી તૈયાર કરેલ ઘનજીવામૃતનો ઉપયોગ કરે છે. પાકને પિયતના પાણી સાથે મહિનામાં એક વખત જીવામૃત પણ આપે છે. ખેતી પાકોમાં જરૂરી પિયત માટે ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

આપણે જાણીએ જ છીએ કે, પ્રાકૃતિક ખેતીનો આધાર ગાય છે. તેમણે ગીર ઓલાદની 15 ગાય અને એક નંદી પાળ્યો છે જે તેમને પ્રાકૃતિક ખેતીમાં ખૂબ મદદરૂપ થાય છે. તેઓ ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરે છે. જેનો ઉપયોગ ખેતીમાં ખાતર તરીકે કરી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવે છે. જમીનમાં એક જ પ્રકારનો પાક લેવાના બદલે પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતોને અનુસરી તેઓ બાગાયતી પાક, ધાન્ય, કઠોળ તેમજ ઘાસચારા જેવા વિવિધ પાકોનું વાવેતર કરે છે. ધર્મેશગીરી પોતાના ખેત વ્યવસાયને ટૅક્નૉલૉજીના મહત્તમ ઉપયોગથી વેચાણમાં વધારો કરવા પ્રયત્નો કરી રહ્યા છે. ઉત્પાદિત ખેત પેદાશોનું મૂલ્યવર્ધન કરી સોશિયલ મીડિયાના માધ્યમથી ગુજરાત સહિત દેશભરમાં વેચાણ કરે છે. ખેતીમાં આગવી સૂઝ ધરાવતા આ ખંતીલા ખેડૂત 5 એકર જમીન પર પ્રાકૃતિક ખેતી કરી દર વર્ષે અંદાજિત રૂ. 7.5 લાખની કમાણી કરી રહ્યા છે.

સરકાર ખેડૂતહિત માટે અનેક યોજનાઓ લાવી છે. ધર્મેશગીરીએ પણ અન્ય ખેડૂતોની જેમ તેમનું 'પ્રાણશીવ' મૉડેલ ફાર્મ તૈયાર કરવા સહાય મેળવી છે. આ ઉપરાંત ટપક સિંચાઈ પદ્ધતિ વિકસાવવા માટે સહાય તેમજ અન્ય યોજનાઓનો લાભ મેળવનાર તેઓએ અન્ય ખેડૂતોને સરકારી સહાય મેળવવા પ્રેરિત પણ કર્યા છે.

આ મૉડેલ ફાર્મ અનેક ખેડૂત માટે પ્રેરણાસ્રોત બન્યું હોવાનું એક કારણ છે તેમણે ફાર્મને તાલીમ કેન્દ્ર બનાવ્યું છે જ્યાં વિવિધ NGO અને ખેડૂત ભાઈ-બહેનોને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન માટે આત્મા, આતપી સેવા ફાઉન્ડેશન જેવી સંસ્થા, પ્રાકૃતિક કૃષિના ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન તથા અન્ય સંસ્થાઓ સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે સતત પ્રત્નશીલ ધર્મેશગીરીએ 'ફાર્મર ઍવૉર્ડ' તથા 'ગોપાક પ્રાકૃતિક ખેતી પ્રમાણપત્ર' જેવા સન્માન પણ મેળવ્યાં છે.



**દીક્ષાંત સમારોહ :** રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ટાઉનહોલ-ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૧૧મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં ૭૪૨ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની પદવી એનાયત કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૦૫ મૅડલ પણ અર્પણ કરવામાં આવ્યા હતા. આ અવસરે પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.



**સમીક્ષા :** નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષના ભાગરૂપે સહકારથી સમૃદ્ધિ અંતર્ગત વલસાડ જિલ્લા સેન્ટ્રલ કો.ઓ.બેંક લિ. અને સુરત જિલ્લા સેન્ટ્રલ કો-ઓ.બેંક લિ.ની સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં મળી હતી. જેમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી દ્વારા ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.



**શિલાન્યાસ :** ગીર સોમનાથના વેરાવળમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે સોમેશ્વર કુમાર છાત્રાવાસ તથા નટેશ્વર રંગમંચનો શિલાન્યાસ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વૈદિક મંત્રોચ્ચાર સાથે કરાવ્યો હતો. આ અવસરે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બે પુસ્તકો 'સંસ્કૃતેવૃત્યવસરા:' અને 'શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ'નું મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.



**લોકસંપર્ક :** જામનગર તાલુકાના ઠેબા, મોટા થાવરીયા તથા સુવરડા ગામે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા લોકસંપર્ક યોજાયો હતો. આ દરમિયાન મંત્રીશ્રીએ ગ્રામજનોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળી તે પરત્વે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સંબધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. આ લોકસંપર્કમાં ગ્રામિણ વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.



**વિમોચન :** દેવભૂમિ દ્વારકા ખાતે યોજાયેલ આયોજન મંડળની બેઠકમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે જિલ્લાની વિકાસ ગાથાને વર્ણવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તિકામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલાં વિકાસકાર્યોનું આલેખન કરાયું છે.



**સેમિનાર :** મહેસાણાના વીસનગરમાં સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને 'એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે' સેમિનાર યોજાયો હતો. મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની વર્ષ ૨૦૪૭ માં વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવા, વિકસિત ભારત – વિકસિત રાષ્ટ્રના સંકલ્પ સાથે સરકારના એક રાષ્ટ્ર એક ચૂંટણી પ્રકલ્પ અંગે યુવાઓને માહિતી પૂરી પાડી હતી.



**લોકાર્પણ :** દાહોદ એસ. ટી ડેપો દ્વારા દૈનિક ૭૭ જેટલા શિડયૂલનું નિયમિત સંચાલન કરી દૈનિક ૩૫ હજાર જેટલા મુસાફરોને બસ સુવિધા પૂરી પાડવામાં આવે છે. તાજેતરમાં દાહોદ ડેપો ખાતે નવ નિર્મિત ડેપો વર્કશોપનું પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડના હસ્તે લોકાર્પણ કરાયું હતું. રૂ. ૪.૨૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ ડેપો વર્કશોપ ડેપો મેનેજર ઑફિસ, ઈલેક્ટ્રિક રૂમ, સ્ટોર રૂમ, મિટિંગ રૂમ, મિકેનિકો માટેના રેસ્ટ રૂમ, શૌચાલય વગેરે જેવી તમામ સુવિધાઓથી સજ્જ છે.

**બેઠક :** કચ્છમાં શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકમાં કચ્છ જિલ્લાના રૂ.૧૩૪૫ લાખનાં ૫૩૯ વિકાસકામોને બહાલી અપાઈ હતી. સંબંધિત અમલીકરણ અધિકારીઓ પાસેથી વિકાસલક્ષી વિવિધ કામો અંગે વર્તમાન સ્થિતિ જાણી કામો ત્વરિત પૂર્ણ કરવા સૂચના આપી.





**બ્રિજ :** છોટાઉદેપુર જિલ્લામાં નસવાડીના છેવટ અને બોરિયાદ ગામે રૂ.૧૧.૩૯ કરોડના ખર્ચે તૈયાર બે બ્રિજનું સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજ બનાવવાથી નસવાડી તાલુકાનાં અંતરિયાળ ડુંગર વિસ્તારના ગામોમાં ૨૦ કિમીનું અંતર ઘટી જશે તેમજ આ બન્ને બ્રિજને કારણે આસપાસનાં ગામોના લોકોને લાભ થશે.



**મુલાકાત :** સુરતમાં 'PM-PVTG ડેવલપમેન્ટ મિશન' હેઠળ પીએમ જન મન આવાસ યોજના થકી આદિમ જૂથના પરિવારના બની રહેલા આવાસની મુલાકાત આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ લીધી હતી અને આવાસના બાંધકામની પ્રગતિથી વાકેફ થયા હતા. માંડવી તાલુકાના વલ્લારગઢ ગામના લાભાર્થી અશોકભાઈ કોટવાળિયા સાથે મંત્રીશ્રીએ સંવાદ કર્યો હતો. લાભાર્થીએ પોતાને આવાસ મળતા ખુશી વ્યક્ત કરી હતી.

# શહેરોના સર્વગ્રાહી વિકાસ માટે રૂ.૧૨૦૩ કરોડનાં કામોની સૈદ્ધાંતિક મંજૂરી

**સૈદ્ધાંતિક મંજૂરી :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકસિત ગુજરાત@2047ના વિઝનથી વિકસિત ભારત@2047 માટે રાજ્યને અગ્રેસર રાખવાની નેમ સાથે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે 1202.75 કરોડ રૂપિયાનાં વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

**સુવિધા :** રાજ્ય સરકારે 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના ‘અર્નિંગ વેલ-લિવિંગ વેલ’ને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સંદર્ભમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓની રચના કરી છે. એટલું જ નહીં, આ નવરચિત મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનાં નગરો-શહેરોમાં લોકહિતનાં કામોને પણ વેગવંતા બનાવ્યાં છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આવાં કામો માટે નાણાં ફાળવણીના ઉદાત્ત અભિગમને આગળ ધપાવતાં મુખ્યમંત્રીશ્રીએ આ રૂ. 1202.75 કરોડના વિકાસકામોની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યની નવરચિત 8 મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સેનિટેશન જેવી ભૌતિક આંતરમાળખાકીય સુવિધાનાં કામો ઉપરાંત આંગણવાડી, શાળાનાં મકાનો, લાઇબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાનાં કામો માટે નાણાં ફાળવ્યાં છે.

આ ઉપરાંત, અર્બન મોબિલિટી, સિટી બ્યુટીફિકેશન, આગવી ઓળખનાં કામો, પાણી પુરવઠાનાં અને વરસાદી પાણીના નિકાલનાં કામો વગેરે કામો માટે રૂપિયા 585.83 કરોડના ખર્ચની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

આ ઉપરાંત નવસારી મહાનગરપાલિકાને 81 કરોડ, નડિયાદને



75 કરોડ, આણંદને 78.07 કરોડ, સુરેન્દ્રનગરને 81.04 કરોડ, ગાંધીધામને 104.07 કરોડ તથા વાપીને 78.63 કરોડ તેમજ પોરબંદરને 80.30 કરોડ અને મહેસાણાને 7.42 કરોડ રૂપિયાનાં વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

**નિર્ણય :** મુખ્યમંત્રીશ્રીએ આ નવરચિત મહાનગરપાલિકાઓમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની માંગને પહોંચી વળવા માટે મુખ્યમંત્રી શહેરી બસ સેવાઓની CNG બસોના સંચાલન માટે 2025થી 2027ના ત્રણ વર્ષ સુધી દર વર્ષે 39 કરોડ રૂપિયા આપવાનો પણ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નવરચિત મહાનગરપાલિકાઓ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બે શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળો વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટીને અદ્યતન ખેલકૂદ સંકુલ માટે 72.52 કરોડ રૂપિયા તથા 60 એમ.એલ.ડી.ના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ચાર TP વિસ્તારોમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કનાં કામો માટે કુલ 302.86 કરોડ મળીને કુલ રૂ. 375.38 કરોડ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવ્યા છે.આ ઉપરાંત સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીને રોડ રિસરફેસિંગ અને નવા રસ્તા બનાવવા તથા એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટનાં કામો માટે 97.81 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

રાજ્યની સુરત, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓને ખાનગી સોસાયટી-જનભાગીદારી અંતર્ગતનાં કામો, આંતર માળખાકીય સુવિધાનાં કામો તેમજ રસ્તા, પાણીની લાઇન, ગટર વ્યવસ્થાનાં કામો માટે કુલ 105.03 કરોડ રૂપિયાનાં કામો મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરી વિકાસ માટેના ગુજરાતના વિકાસ વિઝનમાં નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન, વધુ સારો અનુભવ અને શહેરોને સક્રિય, સ્માર્ટ અને ટકાઉ તેમજ ગતિશીલ શહેરી કેન્દ્રોમાં પરિવર્તિત કરવાની બાબતોને કેન્દ્ર સ્થાને રાખતાં આ 1202.75 કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી છે.

# રાજ્યના નાગરિકોને ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો CMનો અભિગમ

**નિર્ણય :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને નાગરિકો તથા વ્યાપાર, ઉદ્યોગોને ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો સુચારુ અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં તમામ જિલ્લાઓમાં રસ્તાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યંત જરૂરિયાતવાળા રસ્તાઓના રિસરફેસિંગ અને અન્ય આનુષંગિક કામગીરી માટે ૧૧૮ માર્ગોની ૭૩૫ કિલોમીટર લંબાઈમાં આવાં કામો હાથ ધરવા ૯૭૫ કરોડ રૂપિયા માર્ગ-મકાન વિભાગ માટે મંજૂર કર્યા છે.આ ઉપરાંત મહેસાણા જિલ્લાના કડી તથા કચ્છના દેશલપર-હાજીપીરમાં રોડ નેટવર્કનાં વિવિધ કામો માટે કુલ ૨૬૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. મહેસાણા જિલ્લાના મહત્ત્વપૂર્ણ એવા કડી તાલુકામાં આવતા માર્ગોની જરૂરી સુધારણાનાં ચાર કામો માટે કુલ ૧૭૧ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે. આ ૪ માર્ગોમાં ડાંગરવા-કરજીસણ રોડ તેમજ કડી-જાસલપુર-મોકાસણ-સૂરજ રોડના



મજબૂતીકરણ, રિસરફેસિંગ અને સી.સી. રોડની કામગીરી માટે કુલ ૨૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

આ જ તાલુકાના અન્ય બે માર્ગો એવા ભાલ્ટી-ધરમપુર-ખાવડ રોડ તેમજ કડી-નાની કડી-બાવડુ- ચંદ્રાસણ -ખોડાનો ઢાળ રોડ જેવા કડી તાલુકા મથક સાથે જોડાતા અગત્યના રસ્તાઓ પરના ટ્રાફિક ભારણને ધ્યાનમાં લઈને આ માર્ગોને ૭ મીટર તથા ૧૦ મીટર પહોળા કરવાની કામગીરી માટે ૧૪૪ કરોડ રૂપિયા મુખ્યમંત્રીશ્રીએ ફાળવ્યા છે. આમ, કડી તાલુકાના માર્ગ સુધારણાનાં કુલ ૪ કામો માટે ૧૭૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉત્તર ગુજરાતના આ માર્ગો સાથે કચ્છ જિલ્લાના યાત્રાધામ હાજીપીરને જોડતા દેશલપર-હાજીપીરના ૩૨ કિલોમીટર લંબાઈના ૭ મીટર પહોળા સ્ટેટ હાઈવે પર અતિભારે વાહનોની અવરજવર ધ્યાનમાં લઈને તેને સી.સી. રોડ બનાવવા માટે ૯૫ કરોડ રૂપિયા ફાળવવાનો પણ નિર્ણય કર્યો છે.

**અસર :** મુખ્યમંત્રીએ સમગ્ર રાજ્યમાં માર્ગોના મજબૂતીકરણ, રિસરફેસિંગ, સી.સી. રોડ વગેરે કામો માટે ૧૨૪૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આના પરિણામે છેવાડાનાં ગામોના વાહન વ્યવહારને તાલુકા મથક સુધીની અવરજવરમાં સુગમતા રહેશે તેમજ નગરો અને ગ્રામીણ વિસ્તારોના વિકાસને વેગ મળશે અને ઔદ્યોગિક વિસ્તારના વાહન વ્યવહાર તેમજ હાજીપીર યાત્રાધામ સાથેની કનેક્ટિવિટી પણ સુદૃઢ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ પ્રજાહિતલક્ષી નિર્ણયથી લોકોને અવર-જવર માટે સારી ગુણવત્તાવાળા અને સુવિધાયુક્ત માર્ગો મળશે.

# રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો

**નિર્ણય :** રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો જ્યારે છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કરાયો છે.

**લાભ :** આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧લી જાન્યુઆરી ૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપતામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવવામાં આવશે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૮ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૧ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. એટલું જ નહિ, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચૂકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૯૪૬ કરોડની ચૂકવણી પગારભથ્થા-પેન્શન પેટે થશે.

## યાત્રિકોને આરામદાયક ટૂર પૅકેજની ભેટ

**નિર્ણય :** ગુજરાત પ્રવાસન નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) અને સોમનાથ ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી રાજ્યના નાગરિકો-પ્રવાસીઓ માટે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દર્શન તેમજ નડાબેટ, વડનગર અને મોઢેરા માટે વિશેષ ટૂર પૅકેજની શરૂઆત કરવા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.





**પૅકેજ :** સોમનાથ દર્શન ટૂર પૅકેજની શરૂઆત તા.૨૮મી એપ્રિલથી શરૂ કરી દેવાઈ છે. અદ્યતન એ.સી. વોલ્વો બસ અમદાવાદથી સોમનાથ પહોંચશે અને બીજા દિવસે પરત ફરશે. ટૂર પૅકેજ બે દિવસ/એક રાત્રિનું છે, જેમાં હોટેલ રૂમ સહિતનું ભાડું સામેલ છે. આ ટૂર પૅકેજમાં GSRTCની અદ્યતન એ.સી. વોલ્વો બસમાં પ્રવાસ, હોટેલ રોકાણ, સોમનાથ ખાતે લાઇટ-સાઉન્ડ શો તેમજ સોમનાથ ખાતેનાં દર્શનીય સ્થળો મ્યુઝિયમ, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામમંદિર, ગીતા-મંદિરની મુલાકાત. બીજા દિવસે બપોરે રામ-મંદિરનો પ્રવાસ સામેલ છે. તેની સાથે વધારાની સુવિધારૂપે સોમનાથના અગત્યનાં સ્થળોની જાણકારી માટે ગાઇડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ રીતે નડાબેટ, વડનગર અને મોઢેરા ટૂર પૅકેજ પણ તા.૨૬મી એપ્રિલ ૨૦૨૫થી દર શનિવાર અને રવિવારે શરૂ કરવામાં આવ્યું છે. તેની સાથેસાથે વડનગર-તાનારીરી એક્સપ્રેસ અને મોઢેરા સૂર્ય મંદિર ટૂર પૅકેજમાં નડાબેટ સીમા દર્શન, વડનગર ખાતે નવનિર્મિત મ્યુઝિયમ, તાનારીરી, હાટકેશ્વર મંદિર, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ અને મોઢેરા સૂર્ય મંદિર ખાતે લાઇટ-સાઉન્ડ શોની મુલાકાતનો સમાવેશ થાય છે.

**લાભ :** આ નિર્ણયથી રાજ્યના પ્રવાસીઓને ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોની અફોર્ડેબલ અને આરામદાયક મુલાકાતનો લાભ મળશે.

## સહકારી મંડળીઓના સભાસદોની ભેટ મર્યાદામાં વધારો

**નિર્ણય :** સહકાર ક્ષેત્રને સક્ષમ બનાવી અર્થતંત્રને વેગ આપવા ગુજરાત સરકાર સહકારી મંડળીઓના કરોડો સભાસદોના હિતમાં અનેકવિધ નિર્ણયો કરી રહી છે.



સહકારી ક્ષેત્રમાં અગ્રેસર એવા ગુજરાતમાં પણ સહકારી મંડળીઓ સંબંધીત વહીવટમાં સુધારાઓ માટે સતત નિર્ણયો સહકાર વિભાગ લઈ રહ્યો છે. જેના ભાગરૂપે સહકારી મંડળીઓમાં થતી બિનજરૂરી મોંઘા વાહનોની ખરીદીની મર્યાદા નક્કી કરીને રાજ્ય સરકારે વધુ એક વખત સભાસદોના લાભ માટે સહકારી મંડળીઓનો વહીવટ વધુ પારદર્શક કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે. સહકારી મંડળીઓના સભાસદો મંડળીઓ સાથે જોડાઈ રહે તે માટે સભાસદ ભેટ મર્યાદામાં ૬૬% થી લઈને ૧૫૦ % જેટલો વધારો કરાયો છે.

**સુધારો :** પ્રાથમિક પ્રકારની સહકારી મંડળીઓ કે જેઓ દર વર્ષે રૂ. ૭૫૦ની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકતા હતા તે હવે રૂ. ૧૨૫૦ સુધીની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે.તાલુકા કક્ષાની મંડળીઓ રૂ. ૧ હજારને બદલે રૂ. ૨૫૦૦, જિલ્લા કક્ષાની મંડળીઓ રૂ. ૩ હજારના બદલે રૂા.૫ હજાર અને રાજ્યકક્ષાની મંડળીઓ રૂ. ૬ હજારના બદલે રૂ. ૧૦ હજારની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે.

**લાભ :** સહકારી મંડળીઓના સભાસદોને વધુ સારી ભેટ મળતા તેઓ મંડળી સાથે જોડાવા પ્રોત્સાહિત થશે જેથી સહકારી મંડળીઓનો વ્યાપ વધશે. રાજ્ય સરકારે મંડળીઓને આપવામાં આવતી ભેટ ઈટેન્ડરિંગ પદ્ધતિથી ખરીદવા જણાવ્યું છે, આનાથી ખરીદીમાં પારદર્શીતા આવશે. આ નિર્ણયથી રાજ્યની ૮૯ હજારથી વધુ સહકારી મંડળીઓના સભાસદોને લાભ થશે.

# ખેતી વિષયક વીજ જોડાણ માટે સહમાલિકની સંમતિ જરૂરી નહીં

**નિર્ણય :** ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી મળે તે માટે ખેડૂતોના હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સહમાલિકના સંમતિપત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલા સેલ્ફ ડિકલેરેશન ગ્રાહ્ય રહેશે.

**સુધારો :** આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલિકના નામ હોય તો દરેક સહમાલિકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં



નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્ત્રોત/ કુવો/ બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહમાલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.

**પરિણામ :** રાજ્ય સરકારના આ નિર્ણયથી વહેલી તકે ખેડૂતોને વીજ જોડાણ મળી શકશે. પ્રવર્તમાન જોગવાઇ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલિકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહમાલિકનું સંમતિપત્રક મેળવવાનું રહેતું હતું. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેંચણી કરેલ હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી. રાજ્ય સરકારના આ નિર્ણયને પરિણામે આ મુશ્કેલીનો હવે કાયમ માટે અંત આવી જતા વીજજોડાણ સરળતાથી મળતા થશે અને ખેડૂતોનો સમય બચતા તેઓ કૃષિમાં વધુ ધ્યાન આપી શકશે.

# ઘેડમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂ.૧૫૦૦ કરોડનાં કામો મંજૂર

**નિર્ણય :** સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે રાજ્ય સરકારે રૂ. ૧,૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેમાં પ્રથમ તબક્કાનાં વિવિધ કામો માટે રૂ. ૧૩૯.૪૨ કરોડનાં ટેન્ડર મંજૂર કરાયાં છે.

**સમસ્યા :** જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરનાં પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે.

**ઉકેલ :** આ જટિલ પરિસ્થિતિના કાયમી નિવારણ માટે સમગ્ર વિસ્તારના અભ્યાસનાં તારણોની તલસ્પર્શી ચકાસણી બાદ જળસંપત્તિ વિભાગ દ્વારા સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં ત્રણ તબક્કાઓમાં કુલ ૧૧ પ્રકારની કામગીરીઓ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**પરિણામ :** પ્રથમ તબક્કામાં વિવિધ નદીઓ, કેનાલો અને વોંકળાઓની વહનક્ષમતા અસરકારક રીતે વધારવા માટે વિવિધ અવરોધોને દૂર કરવા તથા નદીઓ, કેનાલો, વોંકળાઓની સાફ-સફાઇ અને ડિસિલ્ટિંગનાં કામો, મીઠા પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ હયાત તળાવોને ઊંડાં કરવા જેવી કામગીરીનો સમાવેશ થાય છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૩૯.૪૨ કરોડનાં કામોના ટેન્ડર મંજૂર કરાયાં છે, જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરી દેવામાં આવશે. ત્રણ તબક્કામાં આ કામો પૂર્ણ થવાથી ઘેડ વિસ્તારમાં ભરાતા વિવિધ નદીઓના પૂરનાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. જેનો સૌથી વધુ ફાયદો આ વિસ્તારના ખેડૂતોને થશે.

## વિકાસના રાજમાર્ગો માટે રૂ. ૨૪૭ કરોડનાં કામોને મંજૂરી



ગુણવત્તાયુક્ત માર્ગો પરિવહનની પ્રાથમિક જરૂરિયાત છે. વિકાસના રોલ મૉડલ રાજ્ય ગુજરાતના માર્ગો સ્વચ્છતા અને ગુણવત્તામાં બેજોડ છે. માર્ગોનું આ માળખું વધુ વિકસિત કરવા માટે રાજ્ય સરકાર પણ પ્રતિબદ્ધ છે. માર્ગોના વર્તમાન કાર્યની પ્રગતિ તથા ભાવિ આયોજન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યના અગત્યના માર્ગોના વિકાસ માટે રૂ.૨૪૭.૩૫ કરોડનાં કામો મંજૂર કરવા સાથે અન્ય કેટલીક મહત્ત્વપૂર્ણ મંજૂરીઓ આપી હતી.

રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૧૮૮.૯ કિલોમીટર લંબાઈના વિવિધ મહત્ત્વપૂર્ણ માર્ગોના નિર્માણ, રિસરફેસિંગ, વિસ્તૃતીકરણ વગેરે માટે કુલ રૂ.૨૯૯૯.૮ કરોડનાં કામો પ્રગતિમાં છે તેની પણ આ બેઠકમાં સમીક્ષા કરાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ જી.એસ.આર.ડી.સી.ની આ સમીક્ષા બેઠકમાં મુખ્યત્વે જે કામોની મંજૂરી આપી છે તેમાં વટામણ પીપળી રોડ અને પીપળી, ભૂજ-ભચાઉ રસ્તા પર, ધાણેટી, ભદ્રોઈ, દૂધઈ ગામ પાસે મળી કુલ 6 નવીન વિહિકલ અંડરપાસને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વાહનોને ઝડપી, અંતરાય રહિત પરિવહનનો લાભ મળશે તથા અકસ્માત ઘટશે.

## સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને નવી કચેરી માટે વધુ અનુદાન

**નિર્ણય :** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોનાં માળખાંને વધુ સંગીન બનાવી સુવિધાયુક્ત કચેરીઓના નિર્માણ માટે અનુદાનમાં માતબર વધારો કરાયો છે.

રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતાં ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે રૂ. ૪૦ લાખ તથા ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તીવાળાં ગામોમાં પંચાયત ઘરો બનાવવા રૂ. ૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતાં ગામોમાં નવીન પંચાયત ઘર નિર્માણ માટે મહત્તમ રૂ.૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. જ્યારે તાલુકા પંચાયતના બાંધકામ માટેની અનુદાન સહાયમાં પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બેમાંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કરાયો છે. જિલ્લા પંચાયતને તેના નવા મકાનના નિર્માણ માટે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.



**પરિણામ :** આ નિર્ણયને પરિણામે ગ્રામીણ સ્તરથી લઈને જિલ્લા પંચાયત સ્તર સુધી વધુ સુવિધાસભર કચેરીઓનું નિર્માણ થતાં લોકોને પણ સરળતા થશે અને વધુ સુદૃઢ સેવા માળખું મળતું થશે.

## ઇલેક્ટ્રિક વાહનો પર ઉચ્ચક વાહનવેરાનો દર ૧ ટકા

**નિર્ણય :** ગુજરાત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પર્યાવરણના રક્ષણ માટે ગ્રીન ગ્રોથની સંકલ્પનાને સાકાર કરતો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આગામી તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનો પર ઉચ્ચક વાહન વેરામાં ઘટાડો કરી માત્ર ૧ ટકા લેખે વેરાનો દર રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જ્યારે મેક્સી કૅટેગરીમાં ૬ ટકા દર નક્કી કરાયો છે.

**પરિણામ :** રાજ્ય સરકારના આ નિર્ણયથી પ્રવાસન ક્ષેત્રને ખૂબ જ વેગ મળશે. ઇલેક્ટ્રિક વાહનોમાં વેરાનો દર ઘટાડવાથી રાજ્યના દરેક વર્ગના પરિવારોને તેનો સીધો લાભ થશે. આ ઉપરાંત પર્યાવરણ સંરક્ષણની દૃષ્ટિએ પણ આ નિર્ણય ખૂબ જ મહત્ત્વપૂર્ણ પગલું પૂરવાર થશે. આ દર ઘટતાં ઇલેક્ટ્રિક બેટરીથી સંચાલિત વાહનોનો વ્યાપ વધશે અને ગુજરાતને વિકાસ તરફ આગળ વધવામાં તેમજ સર્ક્યુલર ઇકોનોમીને પણ પ્રોત્સાહન મળશે.

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| હિં | જૂ | ઢ | મો | પા | વા | ગ | ઢ | છો |
| મ | ના | ગ | ર | શૈ | લી | થ | ધ | ટા |
| ત | ગ | પા | બી | ઠ | ડો | જી | ભા | ઉ |
| ન | ઢ | યા | વું | ક | પા | ટ | ણ | દે |
| ગ | શા | મ | ગુ | વ | રા | ર | વ | પુ |
| ર | મ | લી | જ | ડો | જ | ઇ | ડ | ર |
| જ | ળા | બ | રા | દ | કો | સે | ભો | મ |
| ગુ | જી | વ | ત | રા | ટ | ઔ | ઈ | ત |
| રો | બ | ર્ટ | બ્રુ | સ | ફૂ | ટ | ગ | દૂ |

1. ગુજરાતના સમૃદ્ધ સ્થાપત્યની ઝાંખી કરાવતો પાંચ દરવાજા સાથેના ડોમ ધરાવતો મહેલ ક્યાં શહેરમાં આવેલો છે?
2. રફાળેશ્વર મેળો ગુજરાતના કયા જિલ્લામાં ભરાય છે?
3. ગુજરાતમાં પ્રાગૈતિહાસિક સંસ્કૃતિની સૌપ્રથમ શોધ કોણે કરી હતી?
4. ગંભીરપુરાના સ્તૂપ ચિત્રો ક્યાં આવેલાં છે?
5. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘુમલી ખાતેનું નવલખા મંદિર કઈ શૈલીમાં બનેલું છે?
6. રેવતી કુંડ: જૂનાગઢ, લાડચી માતા કુંડ: ......
7. ગુજરાતમાં કયા સ્થળેથી મધ્ય અશ્મ યુગનાં લગભગ 40,000 વર્ષ પ્રાચીન હથિયારો મળી આવ્યાં છે?
8. પ્રખ્યાત માંડવી દરવાજા ક્યાં શહેરમાં આવેલાં છે?
9. ગુજરાતનું સૌથી જૂનું તોરણ ક્યાં શહેરમાં આવેલું છે?
10. ગુજરાતમાં ક્યાં સ્થળે શનિની વાવ આવેલી છે?
11. એક પિતાએ તેની દીકરી માટે બનાવેલું આંતરરાષ્ટ્રીય ડોલ્સ મ્યુઝિયમ ક્યાં આવેલું છે?
12. ગુજરાતના ક્યા શહેરનાં 'માટીનાં રમકડાં' પ્રખ્યાત છે?
13. ખાપરા-કોડિયાની ગુફાઓ ગુજરાતના ક્યાં જિલ્લામાં આવેલી છે?
14. ડાંગ અને વલસાડ જિલ્લામાં લગ્નાદિ પ્રસંગોએ માદળ અને મંજીરા સાથે કથા ગીતોના સહારે કયું નૃત્ય ભજવવામાં આવે છે?
15. આણંદ કૃષિ યુનિવર્સિટીનું ડાંગર સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે?
16. દેશમાં સૌથી વધુ જળપ્લાવિત ક્ષેત્ર ધરાવતું રાજ્ય ક્યું છે...

**જવાબ** 1. છોટા ઉદેપુર, 2. મોરબી, 3. રોબર્ટ બ્રુસ ફૂટ, 4. ઈડર, 5. નાગરશૈલી, 6. હિંમતનગર, 7. પાવાગઢ, 8. વડોદરા, 9. શામળાજી, 10. ભાણવડ, 11. રાજકોટ, 12. પાટણ, 13. જૂનાગઢ, 14. રમલી, 15. ડભોઈ, 16. ગુજરાત

# નારિયેળ પાણી 'કુદરતી શરબત'

**ડૉ. વિપુલ સોનેરી**

ઉનાળાની તાપમાનમાં શરીરને ઠંડક અને ઊર્જા આપવા માટે નારિયેળ પાણી કુદરતી અને શ્રેષ્ઠ ઉપાય છે. નારિયેળ પાણી માત્ર હાઇડ્રેશન જાળવી રાખે છે, પણ ઇલેક્ટ્રોલાઇટ્સ, વિટામિન અને મિનરલ્સથી ભરપૂર હોવાથી હૃદય, ત્વચા, પાચન અને શરદી-ઉધરસ માટે પણ લાભદાયી છે.

- સવારે ખાલી પેટે નારિયેળ પાણી પીવાથી શરીર ડિટોક્સ થાય છે અને દિવસભર તાજગી રહે છે!
- 92% પાણીયુક્ત, જે ડિહાઇડ્રેશન અટકાવે છે.
- તાપમાન સંતુલિત રાખે અને ગરમીથી બચાવે.
- પોટેશિયમ વધુ હોય છે, જે હાઈ બ્લડ પ્રેશર સંતુલિત રાખે.
- ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) ઘટાડે અને હૃદયને સુરક્ષિત કરે.
- પ્રોબાયોટિક ગુણોથી ભરપૂર, જે પેટ માટે ઉત્તમ છે.
- એસિડિટી અને અપચો દૂર કરે.
- સાંધા અને હાડકાંના દુખાવાને ઓછી કરે.
- વિટામિન C અને એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર.
- ત્વચાને હાઇડ્રેટ રાખે અને એક્ની (Acne) દૂર કરે.
- ગરમીમાં લૂ (Heat Stroke) લાગવાની શક્યતા ઘટાડે.
- યુરિન ઈન્ફેક્શન અને પથરી થવાનું જોખમ ઓછું કરે.
- દરરોજ સવારે 1 ગ્લાસ નારિયેળ પાણી પીવાથી શરીર આખો દિવસ ઠંડુ રહે.
- ખાસ કરીને, સવારે ખાલી પેટે પીવાથી પેટ સાફ રહે.
- નિયમિત પીવાથી ચમકતી ત્વચા અને મજબૂત વાળ મળશે.
- હાડકાં મજબૂત કરવા માટે દરરોજ 1 ગ્લાસ નારિયેળ પાણી લો.
- દરરોજ 1 ગ્લાસ પીવાથી બ્લડ પ્રેશર નિયંત્રિત રહે.
- હાઇડ્રેશન માટે શ્રેષ્ઠ – ગરમીથી રક્ષણ આપે.
- હૃદય, બ્લડ પ્રેશર અને કિડની માટે ફાયદાકારક.
- પાચનશક્તિ સુધારે અને ત્વચા-વાળ માટે ઉત્તમ.
- ઉનાળાની લૂ (Heat Stroke) અને ડિહાઇડ્રેશનથી બચાવે.
- નારિયેળ પાણી પીવાનું શરૂ કરો અને ઉનાળામાં તંદુરસ્ત રહો.




### વૉટ્સએપ વીડિયો કોલ બ્લેકમેલિંગ સ્કેમ

# એક વૉટ્સએપ કોલ અને જીવન બરબાદ..!

*વિપુલ ચૌહાણ*

આજે વૉટ્સએપ વગર જીવન અધૂરું લાગે, નહીં? દોસ્તો સાથે ગપ્પાં, ફેમિલી સાથે હસી-મજાક, બધું એક ક્લિકમાં..! પણ થોભો ભાઈ, એક અજાણ્યો વીડિયો કોલ તમારું આખું જીવન બદલી શકે છે..!

સાયબર ગઠિયાઓ દ્વારા લોકોને સામાજિક અને આર્થિક બંને રીતે બરબાદ કરી દેવા એક ખતરનાક મોડસ ઓપરન્ડી અપનાવવામાં આવી રહી છે, જેનું નામ છે: "વૉટ્સએપ વીડિયો કોલિંગ બ્લેકમેલિંગ સ્કેમ". જે તમારી લાગણી, આબરૂ અને ખિસ્સું બધું ખાલી કરી દે. ચાલો, આ ખતરનાક ખેલની રમત અને તેનાથી બચવાના ઉપાય સમજીએ..!

## વિક્રમની દુ:ખદ કહાની

વિક્રમ, ૪૫નો સામાન્ય માણસ, પોતાના ઘર-પરિવારમાં મજામાં હતો. એક સાંજે અચાનક તેના વૉટ્સએપ પર અજાણ્યા નંબરથી એક વીડિયો કોલ આવ્યો. સામે એક યુવતી દેખાઈ જે અશ્લીલ હરકતો કરી રહી હતી. વિક્રમ કંઈ સમજે કે કોઈ રિએક્શન આપે ત્યાં તો વીડિયો કોલ કટ..!

બીજે દિવસે મેસેજ: "તારો અશ્લીલ વીડિયો અમારી પાસે છે. રૂ.૧ લાખ નહીં આપે તો ફેમિલી-સોશિયલ મીડિયા પર વાયરલ થશે..!" વિક્રમને તો પગ તળેથી જમીન સરકી ગઈ...! કોઈ જ ગુનો કર્યો ન હતો પણ આ એડિટ કરેલો વીડિયો વાયરલ થાય તો સમાજમાં આબરૂ જશે, તે ડરના માર્યા રૂ.૫૦ હજાર ટ્રાન્સફર કર્યા, પણ ધમકીઓ ન અટકી. આખરે પોલીસની મદદ લીધી, પણ ત્યાં સુધી તેની શાંતિ ગઈ, ખિસ્સું પણ ખાલી કર્યું..!

## શું છે આ મોડસ ઓપરેન્ડી..?

ઠગબાજો ફેક પ્રોફાઇલ બનાવે, કોઈ યુવતી વીડિયો કોલમાં આવીને મોહક વાતો કરે કે અશ્લીલ કૃત્ય કરે અને ગુપચુપ વીડિયો સ્ક્રીન રેકૉર્ડ કરે..! પછી એડિટેડ વીડિયો બતાવી પૈસા માંગે, નહીં તો આબરૂ ગુમાવવાની ધમકી આપે. શરમ-ડરથી લોકો ચુપચાપ પૈસા આપી દે, આબરૂ જવાના ડરથી કોઈ પોલીસ ફરિયાદ ન કરે એટલે સાયબર ગઠિયાઓની હિંમત વધે..!

## કોને ફસાવે છે?

- નોકરિયાત લોકો, જેમને સમાજમાં આબરૂ જવાનો ડર છે.
- યુવાનો, જે ઓનલાઇન ચેટમાં ફસાય.
- વડીલો, જે ડિજિટલ દુનિયામાં નવા હોય.

## આ ટ્રેપથી બચવાની ટ્રિક્સ

- અજાણ્યા કોલ ઇગ્નોર કરો.
- વીડિયો ચેટ નહીં, ખાસ કરીને અજાણ્યા સાથે.
- ધમકી મળે તો પોલીસને જાણ કરો:1930 ડાયલ કરો.
- ફેમિલી સાથે ખૂલીને વાત કરો, શરમ ન રાખો.
- સાયબર ક્રાઇમ પોર્ટલ પર ફરિયાદ કરો.

Scan the QR and stay safe...

**ધ્યાન રાખો:**

આ સ્કેમ ફક્ત આપના પૈસા જ નહીં, આબરૂ અને શાંતિ પણ છીનવી લે છે. થોડી સાવધાની તમને આ મોટા સ્કેમથી બચાવી શકે છે. હિંમત રાખો, પોલીસ-પરિવારનો સહારો લો, અને ઠગબાજોને હરાવો. ચાલો, આ ડિજિટલ દુનિયામાં સ્વયં સુરક્ષિત રહીએ અને બીજાને પણ સુરક્ષિત રાખવા સમજ આપીએ..!

# સ્વચ્છતા, સાક્ષરતા અને પર્યાવરણ પ્રેમનું પ્રિસ્ક્રિપ્શન આપતા અનોખા તબીબ

**કૌશિક શીશાંગીયા**

ડૉ. તેજસ દોશી છેલ્લાં 23 વર્ષથી ભાવનગરમાં જનરલ ફિઝિશિયન તરીકે સેવા આપી રહ્યા છે. સાથે સાથે છેલ્લા એક દાયકાથી 'સ્વચ્છતા હી સેવા'ના મંત્રને આત્મસાત્ કરીને તેઓએ ભાવનગરને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે પર્યાવરણના સંરક્ષણ સંબંધિત વિવિધ રસપ્રદ પ્રોજેક્ટ્સ ચલાવ્યા છે, તેમના પ્રોજેક્ટ્સની નોંધ લઇને વર્ષ 2019 માં તેમને ભાવનગર માટે 'સ્વચ્છ ભારત મિશન – ભારત સરકાર' ના બ્રાન્ડ ઍમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમના પ્રોજેક્ટ્સ વિશે જાણીએ.

### 'નો હોર્ન પ્રોજેક્ટ'થી શરૂઆત

વર્ષ 2014માં ડૉ. દોશીએ ધ્વનિ પ્રદૂષણ અટકાવવા 'નો હોર્ન પ્રોજેક્ટ' શરૂ કર્યો. 52 અઠવાડિયા માટે 52 શાળાઓના 52 હજાર બાળકો સાથે શરૂઆત થઈ હતી, પણ પ્રોજેક્ટ 153 અઠવાડિયા સુધી ચાલ્યો અને તેમાં 1,53,000 બાળકો જોડાયાં.

### 'જોય ઑફ ગિવિંગ' – નકામી બૉલપેનનો પુનઃ ઉપયોગ

ક્લિનિકમાં ખાલી બૉલપેનો જોઈ તેમણે રિસાઇકલ, રિપ્રોડ્યુસ અને રિયૂઝના કોન્સેપ્ટ સાથે 'જોય ઑફ ગિવિંગ' પ્રોજેક્ટ શરૂ કર્યો. તેમણે જૂની બૉલપેનોમાં નવી રિફિલ ભરીને જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું અભિયાન ચાલાવ્યું. 2019થી 2024 સુધીમાં 12 લાખથી વધુ પેનોનું વિતરણ કર્યું છે.

### 'ડોન્ટ કટ ધ કોર્નર' અભિયાન

2019માં ભારે વરસાદને કારણે ભાવનગર શહેરની ગટરો ચોકઅપ થઈ હતી. ડૉ. તેજસ દોશીએ ગટરમાંથી કાઢેલા કચરાનું લેબમાં પરીક્ષણ કરાવ્યું, જેમાં સૌથી વધુ પ્લાસ્ટિક મળી આવ્યું હતું. ખાસ તો દૂધ અને છાશની કોથળીના કપાયેલા કોર્નર મળ્યા. જે અંતર્ગત દૂધ-છાશ વગેરેની પ્લાસ્ટિકની કોથળીમાં ફક્ત એક કાપો જ મારવો પણ આખો કોર્નર કટ કરીને કચરામાં નાખવો નહીં તે બાબતે 3 લાખથી વધુ લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

### ભાવનગરમાં બન્યો ભારતનો પ્રથમ ઇકો બ્રિક પાર્ક

કોરોના મહામારીના સમય પછી રસ્તા પર ખૂબ મોટી સંખ્યામાં નાની-નાની પ્લાસ્ટિકની કોથળીઓ જોવા મળતી હતી જે પ્રાણીઓના પેટમાં જતી હતી આથી તેમણે ઇકો બ્રિક્સ અભિયાન શરૂ કર્યું, જેમાં 1 લિટરની બોટલ રિસાઇકલ ન થતી હોવાથી ફરી જમા કરાવી હતી. પ્રારંભે પ્રતિસાદ ઓછો મળ્યો, તેથી આવી 3 બોટલ જમા કરો ને બદલામાં રૂ.10 આપવાનું તેમણે વિચાર્યું. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ભાવનગરના 13 વોર્ડમાં 13 ઑફિસો બનાવવામાં આવી, જ્યાં આ બોટલ જમા કરવામાં આવતી હતી. આ બોટલની મદદથી ભારતનો પહેલો ઇકો બ્રિક પાર્ક બનાવવામાં આવ્યો. આ માટે ભાવનગર કોર્પોરેશને લગભગ 500 મીટરની જગ્યા ફાળવી. ઉપરાંત કેન્દ્ર સરકારના શહેરી વિકાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા તેમની કૉફી ટેબલ બુકમાં આ પ્રોજેક્ટને બેસ્ટ મોડ્યુલ પ્રોજેક્ટ તરીકે સ્થાન મળ્યું છે. વધુમાં 2022માં શરૂ કરાયેલા કોટન બેગ પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધી 2 લાખથી વધુ કાપડની થેલીનું વિતરણ થયું છે અને 1 કરોડથી વધુ પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ઘટાડવામાં આવ્યો છે. વર્ષ 2014માં ફક્ત 14 લોકો સાથે શરૂ કરેલા વિવિધ પ્રોજેક્ટમાં આજે 25 લાખ લોકો જોડાયા છે. પર્યાવરણ પ્રેમી ડૉ. તેજસ દોશીનો ઉદ્દેશ માત્ર સ્વચ્છતા જ નહીં, પણ લોકોને પર્યાવરણમિત્ર બનાવી આદર્શ જીવનશૈલી તરફ વાળવાનો છે.



# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. રાજ્ય/કે.પ્ર. અને ઉજવાતા ઉત્સવોની જોડીમાંથી કઈ જોડી સાચી છે?
(A) આસામ - રોંગાલી બિહૂ (B) પશ્ચિમ બંગાળ - પોઇલા બોઈશાખ
(C) જમ્મુ કાશ્મીર - નવરેહ (D) આપેલા તમામ

૨. તાજેતરમાં સંપન્ન થયેલા 'ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ' બાબતે નીચેનામાંથી કયા વિધાન સત્ય છે?
૧. આ ગેમ્સમાં હરિયાણા, તમિળનાડુ અને ઉત્તરપ્રદેશના રમતવીરોને પહેલું, બીજું અને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
૨. આ ગેમ્સમાં દિવ્યાંગ ખેલાડીઓએ ૪ રાષ્ટ્રીય વિક્રમો સર્જ્યા છે.
(A) માત્ર ૧ (B) માત્ર ૨ (C) ૧ અને ૨ (D) એક પણ નહીં

૩. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ માર્ચ ૨૦૨૫ ના 'મન કી બાત' કાર્યક્રમમાં ટૅક્સ્ટાઇલ રિસાઇકલિંગના વૈશ્વિક હબ તરીકે નીચેનામાંથી કયા સ્થળની પ્રશંસા કરી હતી?
(A) બરેલી, મધ્ય પ્રદેશ (B) પાણીપત, હરિયાણા
(C) સુરત, ગુજરાત (D) વેલ્લોર, તમિળનાડુ

૪. તાજેતરમાં મોરબી જિલ્લાના કયા ગામના આયુષ્માન આરોગ્ય મંદિરને નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે?
(A) પીપળિયા-૨ (B) મોડપર-૨
(C) ખાખરેચી-૨ (D) ત્રાજપરી-૨

૫. સુજલામ સુફલામ જળ અભિયાનની ઉજવણી નીચેનામાંથી કયા વર્ષથી નિયમિત કરવામાં આવે છે?
(A) વર્ષ ૨૦૧૮ (B) વર્ષ ૨૦૧૯
(C) વર્ષ ૨૦૨૦ (D) વર્ષ ૨૦૨૧

૬. ગુજરાત સરકારના કયા નાગરિકકેન્દ્રી વહીવટના પર્યાય એવા કાર્યક્રમે એપ્રિલ ૨૦૨૫ માં ૨૨ વર્ષ પૂર્ણ કર્યા?
(A) ઈ ગ્રામ વિશ્વ ગ્રામ (B) સેવાસેતુ
(C) સ્વાગત (D) ગરીબ કલ્યાણ મેળો

૭. ગુજરાતના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નીચેનામાંથી કયા દિવસો દરમિયાન પોષણ પખવાડિયું ૨૦૨૫ ઉજવવામાં આવ્યું હતું?
(A) ૧ થી ૧૫ એપ્રિલ (B) ૩ થી ૧૭ એપ્રિલ
(C) ૬ થી ૨૦ એપ્રિલ (D) ૮ થી ૨૨ એપ્રિલ

૮. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ નીચેનામાંથી કઈ સહાય આપવામાં આવે છે?
(A) ૨ કિલો ચણા (B) ૧ કિલો તુવેર દાળ
(C) ૧ લીટર ફોર્ટિફાઇડ તેલ (D) આપેલા તમામ

૯. આદિવાસી તાલુકાઓમાં સગર્ભાઓને અને ૬ માસ સુધીના બાળકોને સ્તનપાન કરાવતી માતાઓને ૧ સમયનું સંપૂર્ણ ભોજન આપવાના ઉદ્દેશ્ય સાથે કઈ યોજના કાર્યરત છે?
(A) અન્ન સુધા યોજના (B) પોષણ સુધા યોજના
(C) સુવર્ણ પ્રાશન યોજના (D) અન્ન પ્રાશન યોજના

૧૦. મમતા દિવસ તરીકે પ્રખ્યાત VHSND એટલે Village Health ......... and Nutrition Day.
(A) Sanitation (B) Scrutiny
(C) Security (D) Supervision

૧૧. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લાએ "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કૅટેગરી" હેઠળ "પી.એમ. ઍવૉર્ડ્સ ફોર એક્સેલેન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૨૪" મેળવ્યો છે?
(A) આણંદ (B) ગીર સોમનાથ (C) રાજકોટ (D) વડોદરા

૧૨. ૨૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આખજ ગામથી થઈ. આ ગામ કયા જિલ્લામાં આવ્યું છે?
(A) બનાસકાંઠા (B) અમદાવાદ
(C) પાટણ (D) મહેસાણા

૧૩. તાજેતરમાં લેવાયેલા નિર્ણય અનુસાર રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસતી ધરાવતાં ગામોમાં ગ્રામ પંચાયતના મકાન નિર્માણ માટે કેટલી રકમ અનુદાન સહાય તરીકે આપવામાં આવશે?
(A) રૂ. ૨૦ લાખ (B) રૂ. ૩૦ લાખ
(C) રૂ. ૪૦ લાખ (D) રૂ. ૫૦ લાખ

૧૪. તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રીના ગ્રીન ગ્રોથના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્યમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ઇલેક્ટ્રિક વાહનો પર ઉચ્ચક વાહન વેરો ઘટાડીને કેટલા ટકા કરવામાં આવ્યો?
(A) ૧ ટકા (B) ૧.૫ ટકા
(C) ૨ ટકા (D) ૨.૫ ટકા

૧૫. Sustainable Development Goal Index માં નીચેનામાંથી કયા ક્ષેત્રે ગુજરાત સતત બીજી વાર દેશમાં પ્રથમ આવ્યું છે?
(A) આંતર માળખાકીય સુવિધા (B) સ્વચ્છતા
(C) ખાદ્ય સુરક્ષા (D) આરોગ્ય-સુવિધા સુખાકારી

૧૬. ગુજરાતના કેટલા જિલ્લાઓનું નામ કોઈ પર્વતમાળાના નામ પરથી આપવામાં આવ્યું છે?
(A) એક (B) બે (C) ત્રણ (D) એક પણ નહીં

**જવાબ:** 1 (D), 2 (A), 3 (B), 4 (C), 5 (A), 6 (C), 7 (D), 8 (D), 9 (B), 10 (A), 11 (C), 12 (D), 13 (C), 14 (A), 15 (D), 16 (A)

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*

# GSRTC પોર્ટલથી મંઝિલ બની સરળ



**હર્ષદ રૂપાપરા**

ગુજરાત એસ.ટી.ની સવારી આજે લાખો ગુજરાતીઓના સપના સાકાર કરવાનું માધ્યમ બની છે. સમગ્ર ભારતના તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી નિગમે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ - OPRSનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે છે.

મુસાફરો મોબાઈલ- વેબ એપ્લિકેશન www.gsrtc.in મારફતે બૂક કરાયેલી ટિકિટોનું રિશિડ્યુલ- કેન્સલેશન તેમજ PNR સ્ટેટ્સ વગેરે સરળતાથી જાણી શકે છે, આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે અને મુસાફરીમાં જો કોઈ ફેરફાર થાય તે સમય ટિકિટની રિશિડ્યુલની સુવિધા વિનામૂલ્યે મુસાફરોને નિગમ દ્વારા આપવામાં આવે છે, જે સ્થળે નિગમનું બસ સ્ટેન્ડ કે બુકિંગ કાઉન્ટર ન હોય તેવા સ્થળે મુસાફરો બુકિંગનો લાભ લઇ શકે તે માટે નિગમ દ્વારા બુકિંગ એન્જસી આપવામાં આવી છે, જેમાં નિગમ ખાતે ૨૦૫ બુકિંગ એજન્ટ કાર્યરત છે.




ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) અને સોમનાથ ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી રાજ્યના નાગરિકો-પ્રવાસીઓ માટે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દર્શન તેમજ નડાબેટ, વડનગર અને મોઢેરા માટે વિશેષ ટુર પેકેજની શરૂઆત કરવામાં આવી છે.

**GSRTC પોર્ટલ દ્વારા ટીકિટ બુકિંગ કઈ રીતે કરશો?**

1. GSRTC સત્તાવાર વેબસાઈટ પર જાઓ: (https://gsrtc.in/site/)
2. મેનૂમાં રેગ્યુલર પ્રવાસ માટે "Advance Booking" અથવા સોમનાથ, નડાબેટ, વડનગર અને મોઢેરા ટુર પેકેજ માટે "Package Trip" પસંદ કરો,
3. તમારું સ્થળ (From), ગંતવ્ય સ્થળ (To), તારીખ પસંદ કરો અને “Search Bus” ક્લિક કરો.
4. તમારી પસંદગીની બસ અને સમય, ખાલી સીટ પસંદ કરો અને અન્ય વિગત ભરો.
5. પેમેન્ટ ઑપ્શન પસંદ કરીને ઓનલાઈન ચૂકવણી કરો.
6. ચૂકવણી બાદ ટીકિટ ડાઉનલોડ કરી શકશો તથા મોબાઈલમાં મેસેજ દ્વારા મેળવી શકશો.

આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ અને સામાન્ય મુસાફરો બસ પાસ ઑનલાઇન મેળવી શકે છે.

આ માટે "Bus Pass" વિકલ્પ પર ક્લિક કરો હવે એમાં જરૂરી વિગતો ભરી પાસ માટેની પ્રોસેસ કરી શકાશે.

**જરૂરી દસ્તાવેજો**

- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- આઈડી કાર્ડ
- સરનામાનો પુરાવો (જરૂર પડે ત્યારે)
- મોબાઇલ નંબર અને ઈમેલ આઈડી

આ ઑનલાઇન પ્રક્રિયા દ્વારા, તમે સરળતાથી અને ઝડપી રીતે તમારો GSRTC બસ પાસ મેળવી શકો છો.

**પોર્ટલમાં અન્ય સુવિધાઓ**

- **દિવ્યાંગ મુસાફરો માટે બુકિંગ:** દિવ્યાંગ કાર્ડ ધારકો માટે વિશેષ બુકિંગ સુવિધા.
- **ટિકિટ રિફંડ અને સ્થિતિ તપાસ:** ટિકિટ રિફંડ માટે અરજી અને સ્થિતિ તપાસની સુવિધા.
- **ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી:** તમારા બુકિંગ્સની હિસ્ટ્રી જોવા માટે.
- **ટિકિટ પ્રિન્ટ અને SMS દ્વારા પ્રાપ્ત:** ટિકિટ પ્રિન્ટ અથવા SMS દ્વારા પ્રાપ્ત કરવાની સુવિધા.
- **વેઇટિંગ લિસ્ટ સ્ટેટસ:** વેઇટિંગ લિસ્ટની સ્થિતિ તપાસો.
- **વોલેટ એકાઉન્ટ અને પાસબુક:** તમારા વોલેટ એકાઉન્ટ અને ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી જોવા માટે.

જયદેવ અગ્રાવત


હેલી, અમારા જમાનામાં ઘરે નળ નહોતા, માથે હેલ લઇને કેટલુંય હાલીને પાણી ભરવા જાવું પડતું
તે બા, તમારા જમાનામાં ઘરે નળ કે 'આરો' નહોતા, એટલે તમારે પાણી ભરવા જવા સિવાય બીજો કોઇ આરો નહોતો.


મા નર્મદા તો ગુજરાતની જીવાદોરી છે
હા ભાઇ, આ તો આપણા ગુજરાતનું છલકાતું પાણિયારું છે


આ હેલ્મેટથી મારા વાળ સરખા રહેતા નથી
હવે પહેરીને... વાળ તો જતા બચાવી ન શક્યા, માથું તો બચાવો..


નહાવા નથી જતો, નહાઇને બહાર નીકળ્યો છું
ગરમી કેવી છે... એટલે જ કહું છું બપોરે લીંબુ પાણી પીતા રહેવું હિતાવહ છે, સાથે થોડા થોડા સમયે પાણી પણ પીવું

# નમો શ્રી યોજના

**યોજનાનો ઉદેશ / હેતુ**

- સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્રઢ કરી તેમને સક્ષમ બનાવવા
- આ યોજનાથી પોષણની સાથે માતા તથા નવજાત શિશુને આરોગ્ય સુરક્ષા પ્રદાન કરવામાં આવશે.

**આવક મર્યાદા**

કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૮ લાખથી ઓછી ધરાવતી મહિલાઓ

**પાત્રતાના ધોરણો**

1. રાજ્યના ગરીબી રેખા (BPL) નીચે જીવતા પરિવારોની મહિલાઓ
2. અનુસૂચિત જાતિ અને જનજાતિની સગર્ભા માતાઓ
3. જે મહિલાઓ આંશિક રીતે (૪0%) અથવા સંપૂર્ણ દિવ્યાંગ હોય
4. PMJAYના લાભાર્થી
5. E-SHRAM કાર્ડ ધરાવતી મહિલાઓ
6. કિશાન સમ્માન નિધિ હેઠળનાં મહિલા ખેડૂતો
7. મનરેગા જોબ કાર્ડ ધરાવતી મહિલાઓ
8. સગર્ભા અને સ્તનપાન કરાવતી AWWs/AWHs/ASHAs
9. કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૮ લાખથી ઓછી ધરાવતી મહિલાઓ
10. કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કોઈપણ અન્ય શ્રેણી તથા
11. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) ૨૦૧૩ હેઠળ રેશન કાર્ડ ધરાવતી સગર્ભા મહિલાઓ આમ કુલ ૧૧ કેટેગેરીમાં

**યોજના અંતર્ગત મળતી સહાય**

- અંતર્ગત SC, ST, NFSA, PM-JAY સહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી સંગર્ભા બહેનોને રૂ.૧૨ હજારની સહાય આપવામાં આવશે.
- આ યોજનાનો લાભ DBTના માધ્યમથી લાભાર્થી મહિલાના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

## તબક્કાવાર ચૂકવવામાં આવતી સહાય

| અનુ | હપ્તો | તબક્કો | પ્રથમ પ્રસૂતિ | દ્વિતીય પ્રસૂતિ (દિકરી) | દ્વિતીય પ્રસૂતિ (દિકરો) |
|---|---|---|---|---|---|
| 1 | પ્રથમ | ગર્ભાવસ્થાની નોંધણી કર્યેથી | રૂ. 2000 | રૂ. 2000 | રૂ. 2000 |
| 2 | બીજો | ગર્ભાવસ્થાના ૬ માસ પૂર્ણ થયે | રૂ. 2000 | રૂ. 3000 | રૂ. 3000 |
| 3 | ત્રીજો | સંસ્થાકીય પ્રસૂતિ થયેથી | રૂ. 3000 | 0 | રૂ. 6000 |
| 4 | ચોથો | નવજાત બાળકનું સંપૂર્ણ રસીકરણ થયેથી | 0 | રૂ. 1000 | રૂ. 1000 |
| 5 | | પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાથી મળવાપાત્ર સહાય | રૂ. 3000 (નોંધણીથી 6 માસમાં)<br>રૂ. 2000 (રસીકરણ કર્યેથી) | રૂ. 6000 સંસ્થાકીય પ્રસૂતિ વખતે | 0 |
| | | **કુલ સહાયની રકમ** | **રૂ. 12000** | **રૂ. 12000** | **રૂ. 12000** |

**અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ CM DASH BOARD

**અરાજી સમયે રજૂ કરવાના થતા પુરાવા**

સગર્ભાવસ્થાની નોંધણીના પુરાવા, પાત્રતા/માપદંડના આધારોને સંલગ્ન પુરાવા

'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.





**Published on Date : 1-5-2025**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : BPC, Gandhinagar on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.


**To,**


**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦